Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક નં. - 18

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु
'आत्मानन्द प्रकाशाद्' भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४६ श्रावण. आत्म सं. २५ | अंक १ लो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. ... | ૧ | ૬ શ્રી તારંગા તીર્થનું ઐતિહાસિક દર્શન. ... ... ... | ૯ |
| ૨ નવીન વર્ષે માંગલ્ય ... ... સ્તુતિ. ... ... | ૨ | ૭ પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છુટવાનો અમોઘ ઉપાય ... | ૨૪ |
| ૩ ગુરૂસ્તુતિ.... ... ... | ૨ | ૮ જૈન દૃષ્ટિએ લોકમાન્ય તિલક ... | ૩૦ |
| ૪ શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશિર્વચન. ... ... | ૨ | ૯ તત્ત્વજિજ્ઞાસુ સજ્જનો પ્રત્યે પર્યુષણ પ્રસંગે બે બોલ. ... | ૩૨ |
| ૫ અભિનવ વર્ષે નિવેદન. ... | ૩ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

## સત્તરમા વ   અપૂર્વ ભેટ.

# “ શ્રી દેવભ   ાળા પ્રકરણ. ”

શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને   વર્ષે ઉપયોક્ત ભેટની બુક આપવા માટે મુકરર થયું છે, દર વર્ષ કરતાં આ વર્ષે   ગણી મોટી એટલે શુમારે પચીશ ફોર્મનો મોટો ગ્રંથ કે જેના યોજક પ્રાતઃસ્મરણી   માન મૂળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ કમળવિજયજી મહારાજના શિષ્ય પં   ૦ શ્રીમદ્ દેવવિજયજી મહારાજ છે. તેઓ શ્રીએ આખો ગ્રંથ ઘણોજ શ્રમ લઇ ઉપ   દેથી બનાવવાનો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે. સદરહુ ગ્રંથમાં પાંચ પ્રકરણ આપવામાં આ   ૧ દેવભક્તિ અને પ્રતિમાસિદ્ધિ, ૨ આજ્ઞાભક્તિ, ૩ દેવદ્રવ્ય સંરક્ષણ ભક્તિ, ૪   રૂપ ભક્તિ, અને ૫ તીર્થયાત્રા ભક્તિ આ પાંચ પ્રકારની ભક્તિનું સ્વરૂપ સાદી ભા   ભાષામાં શાસ્ત્રીય અનેક આધારો સહીત ટુંકામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે   ભજ્ઞ જીવોને પ્રભુ ભક્તિ માટે ખાસ ઉપયોગી છે, ધર્મના કોઇ પણ વિષયોનું સ્પષ્ટ સ્વરૂ   આવી રીતે લખી પ્રસિદ્ધ કરવાથી આ કાળ માટે સમાજ માટે તે બહુજ આવશ્યક છે, આ દેવભક્તિમાળા ગ્રંથ પઠન પાઠન કરવા યોગ્ય છે કે જેથી તે પ્રભુભક્તિ માટે એક ઉત્તમ સાધન બને છે, એટલુંજ નહીં પરંતુ શ્રદ્ધા સહિત અને જાણપણાથી થતી તે દેવભક્તિ મોક્ષમાં જવાને માટે એક નાવ રૂપ બને છે.

**કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએજ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇડીંગ સાથે પ્રસિદ્ધ થશે.

દીન પ્રતિદીન આવી રીતે મોંઘવારી વધતી જતી હોવા છતાં અમારા સુજ્ઞ ગ્રાહકોને અત્યાર સુધી કાંઇપણ લવાજમ માસિકનું ન વધાર્યાં છતાં (જો કે દરેક માસિકોએ પોતાના લવાજમમાં વધારો કર્યો છે છતાં) તેજ લવાજમથી આ માસિક અને દશ ફારમને બદલે પચીશફારમની બુક ભેટ આપવામાં આવે છે, અસાધારણ મોંઘવારીને લઇ માસિકનું લવાજમ વધારવા માટે પ્રથમ સુચના કરવામાં આવી હતી, પરંતુ હાલમાં સભાએ ઉદારતા દાખવી તેજ લવાજમ રાખવાનો ઠરાવ કરેલ છે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો આ ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, તથાપિ **અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે, બીજાં બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ, તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આવતા ભાદરવા માસની પૂર્ણિમાના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી પી. કરી મોકલવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિ કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १८ ] वीर संवत् २४४१, श्रावण. आत्म संवत् २५ [ अंक १ लो.

## वर्षारंभे मांगल्य स्तुति.

मन्दाक्रान्ता वृत्तम् ।

धर्मश्रद्धा विशदसुमनो भव्य जन्तूपताप-
च्छेदच्छेका सकलसुमनोवाञ्छितार्थं प्रदात्री ।
शान्ति क्षान्ति प्रशमसमता शैत्य संपद्विधात्री
छाया जीयात् शिवसुखकरी वीरकल्पद्रुमस्य ॥ १ ॥

ધર્મની શ્રદ્ધાથી ઉજ્જવળ હૃદયવાળા ભવ્ય પ્રાણીઓના સંસારના તાપનું છેદન કરવામાં ચાલાક, મનના સર્વ ઉત્તમ વાંછિત અર્થોને આપનારી, શાંતિ, ક્ષમા, પ્રશમ અને સમતારૂપી શીતળતાની સંપત્તિને કરનારી અને મોક્ષના સુખને આપનારી શ્રી વીર પ્રભુરૂપી કલ્પવૃક્ષની છાયા જય પામો. ૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## नवीन वर्षे मांगल्य स्तुति.

### હરિગીત.

સત્તત્ત્વના અમૃતરસે રાચે સદા જે રંગમાં,
દેવતાઓ પરમ પદને યાચતા જઈ સંગમાં;
આવે છે જેનાં શરણુમાં ભાવિ ભવિકો ભટકતા,
તે વીરનાં ચરણે નમું આ નવિન વર્ષ શરૂ થતાં. ૧
આરાધતા જે આત્મપદ અંતરતણા આનંદમાં,
કામારિ પર જય મેળવી શિવધામ સાધે પલકમાં;
સમભાવથી આ જગતમાં તનુવર્ણમાં જે શોભતા,
તે વીરનાં ચરણે નમું આ નવિન વર્ષ શરૂ થતા. ૨

## गुरुस्तुति.

लीनं ज्ञानप्रखरकिरणैर्यस्य मिथ्यात्वमान्ध्यं
यद्वाक्कान्त्यान्तरितवदना वादिघूकाः समग्राः ।
योऽद्याप्यास्ते सुगुणपदमृच्छिष्यवृन्द स्वरूपी
तं सूरीशं सुगुरुविजयानन्दसूर्यं नमामः ॥ २ ॥

જેમના જ્ઞાનરૂપી તીવ્ર કિરણોથી મિથ્યાત્વ રૂપી અંધકાર લય પામ્યું છે, જેમની વાણીરૂપી કાંતિથી બધા વાદી રૂપી ઘુવડપક્ષીઓ પોતાના મુખ છુપાવી નાશી ગયા છે અને જેઓ પોતાના ગુણી અને પદવીધારી શિષ્યોના વૃંદ રૂપે અદ્યાપિ પ્રકાશી રહ્યા છે, તેવા સદ્‌ગુરૂ શ્રી વિજયાનંદસૂરિ રૂપ સૂર્યને અમે નમસ્કાર કરીએ છીએ. ૨.

## श्री आत्मानंद प्रकाशना ग्राहकोने आशीर्वचन.

### स्त्रग्धरा.

શ્રદ્ધા શાંતિ ક્ષમા ને શમદમ સમતા સદ્‌ગુણો તે વિકાશો,
સેવા બુદ્ધિ સમાજે તન મન ધનથી પૂર્ણ રીતે પ્રકાશો;
દાનો આપી દયાથી દિલ મુદ ધરીને દીન ભીતિ ભગાડો,
આત્માનંદ પ્રકાશ પ્રગટ કર ધરી ભાવનાને જગાડો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अभिनव वर्षे निवेदन.

પ્રકૃતિના લીલાક્ષેત્ર રૂપ આ વિશ્વની અંદર [1]સાર્વજનીન દયા, ક્ષમા, અને શાંતિની શોધ કરવાના ઉચ્ચ સાધનો જૈન મહાત્માઓએ પ્રરૂપિત કર્યા છે. અને તે તરફ ભારત પ્રજાના હૃદય આકર્ષવાને પોતાની અમૃતમય વાણીના પ્રવાહો વેહેવરાવ્યા છે. “ આ સમગ્ર વિશ્વ પાપમયી માયાની જાળમાં ગુંથાય નહિં, તેને ઐહિક પદાર્થો તરફ સત્યાભાસ મોહ ઉપજે નહિં, દુર્ગુણો અને દુર્વ્યસનોથી તે આકર્ષાય નહિં, અને આત્મનિરીક્ષણમાં અંતરાય કરનારા પ્રપંચમય પ્રસંગો તેની આગળ ખડા થાય નહિં. ” આવો મહાન્ ઉદ્દેશ સિદ્ધ કરવાને તે પરમજ્ઞાની અને તત્વદર્શી મહાત્માઓના મહાન શ્રમ અવર્ણનીય છે. તેઓના એ શ્રમનો બદલો આ વિશ્વ કદિ પણ આપી શકશે નહિં. લાંબા કાળ સુધી આ વિશ્વ તે મહાત્માઓના ઋણમાંથી મુક્ત થઇ શકશે નહિ; એ નિ:સંદેહ છે.

સાંપ્રતકાલે આ વિશ્વ ઉપર મહાન પરિવર્ત્તન થઇ આવ્યું છે; પ્રકૃતિએ પોતાના રૂપને વિચિત્ર બનાવ્યું છે, જીવનના સ્થૂલ તત્ત્વો ઉપર લોકરૂચિ પ્રવર્ત્તી છે, અસામાન્ય બુદ્ધિબળ પણ સ્થૂલ કલ્પનાને મોહમય માર્ગે વળ્યું છે; ઐહિક સુખ સંપત્તિના સાધનોની શોધખોળ કરવાને જનસમાજ અઢળક ઢળી પડયો છે, તૃષ્ણા અને આશાની સરિતાઓ પૂરજોસમાં વહેવા લાગી છે, ઐકય અને સંપની સાંકળ તોડવાને પ્રત્યેક વ્યક્તિમાં મતભેદના તીક્ષ્ણ શસ્ત્રો સજ્જ થતા જાય છે. અને તેથી સમાજને વિવિધ જાતના અંતરાયો ઉભરાઇને આગળ આવે છે. સાંપ્રતકાળની આવી વિશ્વ વ્યવસ્થાનું યથાર્થ અવલોકન કરી અને તેનાથી ચેતવાની અને પ્રથમ જણાવેલા વિશ્વોપકારી મહાત્માઓના પુરાણા વિચારોનુ નવીન ભાવના સાથે પુન: શરણ લેવાની ભલામણ કરતું આ આત્માનંદ પ્રકાશ માસિક આજે ગુરૂગુણના ગૌરવને ગજાવતું અઢારમાં વર્ષમાં પ્રવેશ કરે છે.

આ માસિકની ભર યુવાવસ્થા ચાલે છે. ધર્મ, આચાર, નીતિ, સમાજ સેવા અને આધ્યાત્મિક વિષયરૂપ તેના અંગ–ઉપાંગો સંપૂર્ણ રીતે ખીલતા જાય છે. શારદાનો સુશોભિત શૃંગાર તેની યુવાવસ્થાને દિવ્યતાથી દીપાવતો જાય છે, આથી તે

૧ સર્વ જનોને હિતકારી.

For Private And Personal Use Only

માસિક યુવક કવિ વિહંગોના કાવ્યમય મધુર સ્વરથી અને લેખોથી પોતાના ગ્રાહક મિત્રોની મંડળીનો વિશેષ પ્રેમ મેળવવાને આગળ વધી શક્યું છે. અને તે પોતાની વાચક મિત્રોની મંડલીને વર્ત્તમાન સમયના શિક્ષા સૂત્રો આ પ્રમાણે સંભળાવે છે; "પ્રિય વાચકમિત્ર, તું દેવ, ગુરૂ અને ધર્મ તત્વોની ઉપાસના કરજે. તે તત્વોની શુદ્ધિ પ્રથમ અવલોકજે અને પછી તેનો અનુરાગી બનજે. કેવળ ભૂતકાળનું ચિંતન કરી ભવિષ્યનાં સ્વપ્ન લાવી બેસી રહીશ નહિં. તારા જીવનનો કાર્યક્રમ વર્ત્તમાન ઉપરથી રચજે હરેક કાર્યને અને હરેક પ્રસંગને મહાન્ બનાવવાને પ્રયત્ન ... ભાવ અને ઉપયોગનું બળ ધારણ કરી જીવનને ઉચ્ચ માર્ગે લઇ જજે. શ્રદ્ધાની શ્રંખલા સાથે તારા હૃદયને દઢ બંધી લેજે, એટલે તેમાંથી હીંમત, તીક્ષ્ણ બુદ્ધિ, આગ્રહ, દીર્ઘદૃષ્ટિ, ધૈર્ય અને સહનશીળતા તને સહજ પ્રાપ્ત થશે. નવીન કલા અને નવીન પ્રેરણા તરફ મનોવૃત્તિ કરજે, પણ ધર્મ, કુલ અને આચારની પુરાણી ભાવનાને તદ્દન ભુલી જઇશ નહિં. તારી હરેક પ્રવૃત્તિમાં લાભાલાભનો વિચાર રાખજે અને પરોપકારની પ્રવૃત્તિમાં મગજ, હૃદય, આત્મા અને જીવન અર્પણ કરજે. કોઇ પણ જાતની અહંભાવવાળી પ્રવૃત્તિમાં કે દ્વેષજનક ચર્ચામાં ઉતરીશ નહિં, કારણ કે તેથી તને જીવનની શક્તિઓના વિકાશમાં વિક્ષેપ આવશે."

સર્વ પુરૂષાર્થની સિદ્ધિને સાધનાર અને આધ્યાત્મિક વિચારોને પોષનાર આ માસિક યુવક પોતાના પરમાનંદમય યૌવનનો વિશેષ અદ્ભૂત આનંદ મેળવવાની આશાને ઉમંગથી ધારણ કરે છે અને પોતાના પાલક-પોષક જૈન સમાજને સંબોધી કહે છે કે "જૈન સમાજ એ ભારતનું ભવ્ય પ્રજાબળ છે. અનંત આત્માઓની વ્હારે દોડનારી અદ્ભુત પ્રજા શક્તિ છે અને માનવબુદ્ધિ અને આર્ય ચારિત્રની વંદનીય પ્રતિમા છે. તેવા સમાજની સ્થિતિ બદલાય નહિં, તેના આદર્શ જીવનની જ્યોતિ ઝાંખી પડે નહિં, તેના ચારિત્રની છાપ ભુંસાય નહિં, તેની નૈતિક વૃત્તિ બુઠ્ઠી બની જાય નહી, ન્યાય અન્યાય, સદ્‌ગુણ અને દુર્ગુણ પારખવાની તેની શક્તિ ઢીલી પડે નહિં. તેનો ધાર્મિક આવેશ નાશ પામે નહિ, તેના ઉચ્ચ વિચારો હૃદયમાંથી નષ્ટ ન થાય અને તેની ઉત્કર્ષવાળી પ્રગતિ શિથિળ ન થાય. તે જૈનસમાજ રૂપી સુંદર ખજાનામાં વર્ત્તમાન અને ભાવી પ્રજાને માટે પવિત્ર અને નિત્ય આનંદની વસ્તુઓ ભરપૂર ભરેલી છે. તેમાં અમૂલ્ય ત્રણ રત્નો અગ્રસ્થાને પ્રકાશી રહ્યા છે. આ વિશ્વની વૃદ્ધિ અને વિકાશના પ્રસંગોમાં એ અમૂલ્ય ખજાનાનો ઉપયોગ થઇ શકે છે. હરેક જૈન એ ખજાનાનો ભોક્તા છે, પરંતુ તે ભોગવવાની યોગ્યતા તેણે મેળવવી જોઇએ સાંપ્રત કાળે તે યોગ્યતા મેળવવામાં અનેક અંતરાયો ઉભા થયા છે. વિકરાળ કુસંપ શત્રુ કરમાં શસ્ત્ર લઇ એક તરફ ઉભો છે. માન, અહંકાર અને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વેષની ત્રિપુટી બીજી તરફ પોતાના ભયંકર ડોળા કાઢી રહી છે. ત્રીજી તરફ વાદ કલહ પોતાની ચર્ચા રૂપી ખડ્ગ ધારા ધ્રુજાવી રહ્યો છે અને ચોથી બાજુ ઉચ્છૃંખલ સુધારો હાથમાં કુવાડો લઇ સદાચારના સુંદર વૃક્ષને છેદવા તૈયાર થયો છે. પ્રિય સમાજ! આ વખતે તું સાવધાન રહેજે. તારા ચતુરંગમાં વિકૃતિએ પ્રવેશ કર્યો છે, તેથી તારી સ્વર્ગીય પવિત્રતા, તારી અનંત દયા અને તારી ખરી સાત્વિકતા સાચવજે. અને તું ભગવાન્ શ્રીવીર પ્રભુના શાસનના અધિષ્ટાયક દેવતાઓને શરણે રહેજે. અથવા મારી જેમ કોઇ પરમ કલ્યાણમય, આનંદ સ્વરૂપ અને મહાત્મા એવા ગુરૂનો આશ્રય કરજે તું ભારતનું અમૂલ્ય રત્ન છે, આ વિષમય સંસારમાં પ્રજાને અમૃતનો સ્વાદ આપનાર તું અમૃતનિધિ છે અને તું અપાર પાપોનો પ્રલય કરનારૂં મહાતીર્થ છે. આ જગતમાં તું સત્ય અને પ્રત્યક્ષ દેવ છે. સમાજસેવકો તને હંમેશા નીચેના પદ્યથી સ્તવે છે—

**गरीयसी सङ्घशक्तिः सामाजिक महोदया ।**
**न तत्तुलां समायाति साम्राज्य शक्तिरद्भुता ॥ १ ॥**

સમાજના લોકોનો જેમાં ઉદય છે એવી સંઘ શક્તિ અત્યંત મોટી છે. અદ્ભુત એવી સામ્રાજ્ય શક્તિ પણ તેની તુલનાને પામી શકતી નથી.

આ પ્રમાણે સમાજનું અદ્ભુત માહાત્મ્ય પ્રગટ કરતું આ યુવક માસિક અઢાર દોષોથી રહિત એવા ભગવાન્ શાસનપતિ શ્રી વીર પ્રભુની ભાવ પૂજા કરી આજે અઢારમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ નવીન વર્ષમાં પોતાની ઉત્કૃષ્ટ ધારણા સફળ કરવા પોતાના ઉત્સાહી વાચકોની સન્મુખ પરમ સ્વાદવતી અને વાઙ્માધુર્યથી ભરપૂર વિવિધ સાહિત્યની સામગ્રી ધરવાની તે મહાન્ અભિલાષા ધારણ કરે છે. સાંપ્રતકાળે જૈન સમાજને શું જોઇએ છીએ ? અને તેના હૃદયને પરમ પ્રસન્નતા પ્રાપ્ત કરવા કેવા સાધનોની જરૂર છે ? ઇત્યાદિ ભાવી વિચારોની ઘટના આ માસિકે પોતાના સંચાળકોના હૃદયમાં પ્રેરવા માંડી છે. અને આ વિશ્વની કર્માધીન અગમ્ય વ્યવસ્થામાંથી ઉન્નતિના માર્ગો શોધવાની, ચાલતા પ્રચંડ પરિવર્ત્તનમાં સાવચેતી રાખી વર્ત્તવાની, કલ્યાણની ભાવનાને બાધ ન આવે તેવી રીતે આચાર વિચારની યોજના કરવાની અને સમાજની પરમ ભક્તિ કરવાના પ્રયોગો ક્રિયામાં મુકવાની ઉચ્ચ કળા જૈન વર્ગને પ્રાપ્ત થાય-ઇત્યાદિ અનેક અભિલાષા સિદ્ધ કરવા માટે આ માસિક આગળ પ્રગતિ કરવા ઉત્કંઠા ધરાવે છે. તેની તે ઉત્કંઠા વર્ત્તમાન શાસનના અધીશ્વર શ્રી વીરપ્રભુ પરિપૂર્ણ કરે, એજ તેની આંતર પ્રાર્થના છે. ગત વર્ષ સુલેહ શાંતિમાં તો પસાર થયું છે, તથાપિ વિવિધ ઉત્પાતો અને મોંઘવારીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષ્ટોનો અનુભવ પ્રજાને કરવો પડયો છે. વ્યાપારના પ્રયોગો અનેક રીતે નિષ્ફળ નીવડયાં છે અને અનેક રાજકીય અને પ્રજાકીય કાર્યાલયોમાં શ્રેણીબંધ હડતાળો પડી છે. જૈન સમાજના દેવ, ધર્મ અને ગુરૂ તત્ત્વોમાં શાંતિની છાયા રહી છે ખરી, પરંતુ ગુરૂ તત્ત્વમાં ચચારૂપે ક્ષોભ થયો છે. ધર્મ અને શિષ્ટાચારની પરંપરામાં સુધારો વધારો કરવાની પ્રવૃત્તિ જાગ્રત થવા લાગી છે. પ્રાચીન અને અર્વાચીન વિચારોમાંથી વર્ત્તમાન જમાનાને અનુકૂળ એવી પ્રગતિ કરવાનો ધસારો દેખાયો છે. હવે વિજયમાલ કોના કંઠમાં આરોપિત થશે, એ જોવાનું છે. આવા ક્ષોભમય સમયમાં આ માસિક તટસ્થ માર્ગનું અવલંબન કરી આ નવીન વર્ષના નવા જીવનમાં પ્રવેશ કરે છે અને નવી નવી આશા ધારણ કરતું તે પોતાના ગત વર્ષનું સિંહાવલોકન કરતાં જણાવે છે કે, “ પ્રિય વાચક ગણ, મારા વિદ્વાન્ લેખકોએ ગત વર્ષમાં મારી યુવાવસ્થાને ખીલવવાને મને વિવિધ લેખરૂપી સુંદર સામગ્રી અર્પણ કરી છે. અને મારી જ્ઞાનગૌરવની મૂર્ત્તિને સુશોભિત બનાવી છે. અલૌકિક બુદ્ધિબળના વિચારોનો મારો યુવાવસ્થાનો શ્રૃંગાર કેવો આકર્ષક બન્યો છે, તેનો નિર્ણય કરવો એ વિદ્વાન્ વાચકોને સ્વાધીન છે; છતાં પણ મને તેને માટે મગરૂરી આવ્યા વગર રહેથી નથી. તે વિદ્વાન્ લેખકોનો અપાર આભાર અને ઉપકાર મને મારા આ નવા વર્ષના આરંભમાં આશા ભરેલો ઉત્સાહ આપે છે. ગત વર્ષની મારી સુંદર સામગ્રીનું સ્મરણ આપવાની મારી પવિત્ર ફરજ હું માત્ર તેનું વર્ણન કરીને અદા કરૂં છું. નિત્ય ક્રમ પ્રમાણે વર્ષારંભની માંગલ્ય સ્તુતિ અને ગુરૂ સ્તુતિ કરી મેં મહાન્ લેખ સામગ્રી મારા ગુણી ગ્રાહકોની દ્રષ્ટિ આગળ મુકી છે. મારો યુવાવસ્થાનો સંગીન શ્રૃંગાર શ્રીયુત્ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. શ્રીયુત્ ફત્તેચંદ ઝવેરચંદ, શ્રીયુત્ ‘ ષડ્ગુણ, ’ ના નામથી લખતા છગનલાલ ત્રિભુવન દવે, શ્રીયુત કવિ શામજી લવજી ભટ્ટ, શ્રીયુત્ કુબેરલાલ અંબાશંકર, શ્રીયુત્ કવિ સાકળચંદ વગેરે પ્રતિભાશાળી ગૃહસ્થો તરફથી મળ્યો છે, જેને માટે હું તેઓને સોત્સાહ અભિનંદન આપું છું. મારા અભિનવ યૌવન વયને ખીલવનારી સામગ્રીનો મહાન્ સંગ્રહ અર્પણ કરનારા શાંત મૂર્ત્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના ઉપકારની છાયા મને મારા નવજીવનને અદ્દભુત શીતલતાના આનંદને આપનારી થઇ છે. તેઓશ્રીના મહાન્ લેખોમાંથી ધર્મ, તત્વજ્ઞાન, કર્ત્તવ્ય, ઉચ્ચ વર્ત્તન, માનવ જીવનનું સાફલ્ય અને યથાર્થ વસ્તુ વિચારના વિવિધ રૂપાંતરોનો સુબોધ પ્રકાશમાન થાય છે. વળી મારી અભિનવ વયને અલંકૃત કરવા સદા ઉત્સુક રહેનારા શ્રીયુત્ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ ના હૃદયંગમ લેખોની સામગ્રીને માટે મને અતુલ સંતોષ પ્રગટે છે. તેમના લેખોમાંથી મનુષ્યને ભાવી જીવનની સુખ શાંતિ મેળવવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અખુટ સાધનો મળી આવે છે, તે ઉપરાંત પ્રમાદ, આલસ્ય અને જડતાથી મુક્ત થઇ જીવનની ઉચ્ચ કોટીમાં આવવાને અધિકારી એવા આત્માઓને તે ખરા માર્ગ-દર્શક બને છે. મારે પુનઃ આનંદ ભેર જણાવવું જોઇએ કે, મારા શિશુ વયના સાથી અને અભિનવ વયના પોષક શ્રીયુત્ ફત્તેચંદ ઝવેરચંદ શાહના લેખોના સંગ્રહે મને ગત વર્ષે વિશેષ નવમંડિત બનાવ્યું છે. અધ્યાત્મના ઉચ્ચ માર્ગે વળવાને માનસિક શક્તિને જે સાધનોની જરૂર છે અને આત્મસ્વરૂપ પ્રત્યે કરવા યોગ્ય જે વિચારો સ્ફુરવાની આવશ્યક્તા છે, તેમજ સમાજની વ્યવસ્થા કરવામાં કેવા કર્ત્તવ્યને મુખ્ય માર્ગ દર્શક રાખવું જોઇએ, ઇત્યાદિ ભાવનાઓ તેમના લેખોમાં ભરેલી છે, જે મને ખરેખર આભૂષણરૂપ બની છે. કેળવણી સંબંધી કંઇક, જૈન સાહિત્ય માટે બે બોલ, અને પવિત્ર ભાવના મનુષ્ય જીવનનો ઉદય શી રીતે કરે છે વગેરે સમાજના ઉપયોગી લેખો આ સભાના સેક્રેટરીના છે, કે જે તેમની ફરજ હોઇ તેમને માટે કાંઇ પણ લખવું તે આ સ્થાને આત્મશ્લાઘા કરવા જેવું છે. જૈન સમાજના ઐતિહાસિક સાહિત્ય સંશોધક અને તેના સતત્ અભ્યાસી મુનિરાજ શ્રી જિનવિજયજી મહારાજ કે જેના લેખો સર્વમાન્ય અને સમાજમાં પ્રિય થઇ પડેલા છે તે મહાત્મા બીજી તેવીજ પ્રવૃત્તિમાં પડેલા હોઇ જો કે મને પોષણ આપવામાં આ વખતે ભાગ લીધો નથી; પરંતુ મારી સાથે જૈન સમાજ તેમની લેખ-રૂપી ઐતિહાસિક નવીન પ્રસાદિની સંપૂર્ણ ઇચ્છા રાખે છે, તો તેઓશ્રી હવેથી જરૂર આપશે તેવી વિનંતિ કરવામાં આવે છે. એ મારા મુખ્ય લેખકોની સાથે બીજા કેટલાએક ઉત્સાહી લેખકોએ પણ મને પોતાની પ્રતિભાનો પોશાક આપી મારા યૌવનને દીપાવ્યું છે. શ્રીયુત્ ગુલકાંત, શ્રીયુત્ માવજી દામજી, શ્રીયુત્ એક જૈન, શેઠ મણિલાલ સૂરજમલ, પં. અજીતસાગર મહારાજ, મુનિ કમળવિજયજી, શ્રીયુત્ ન્યાય અન્વેષક અને શ્રીયુત્ નંદલાલ લલુભાઇ–એ ઉત્સાહી લેખકોએ પણ પોતાનાં નવીન વિચારો દર્શાવી મારા નવ રંગિત યૌવનને દીપાવ્યું છે. માનવ જાતિની મહત્તાના તત્વોને દર્શાવનારા અને માનસ ઇંદ્રિયને શાંતિનો સ્વાદ આપનારા વિદ્વતા ભરેલા ગુઢતત્વ જ્ઞાનથી ભરેલ કેટલાએક લેખો શ્રીયુત્ અધ્યાયીની લેખનીથી જન્મ્યા છે, જે મને મારી અભિનવ અવસ્થાના અલંકાર રૂપ બન્યા છે. જૈન જીવનમાં ચારિત્ર બળને પ્રગટ કરનારી અને ઉન્નતિની ઉચ્ચ ભૂમિકામાં લઇ જનારી જૈન કેળવણીના લેખથી શ્રીયુત્ નરોત્તમદાસ બી. શાહે મને સંપૂર્ણ શોભા આપી છે. તે ઉત્સાહી કોમની દાઝ હૈયડે ધરનારા જૈન યુવકોના વિચારો તરફ સમગ્ર જૈન વર્ગે સંપૂર્ણ લક્ષ આપવું જોઇએ, એમ હું ખાસ વિનંતિ કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા ગત વર્ષના છેલ્લા સ્વરૂપમાં આપેલો મારી વ્યવસ્થાનો વૃત્તાંત સર્વ વાચકોએ હૃદયારૂઢ કરવો–એ મારી નમ્ર પ્રાર્થના છે. સાંપ્રતકાળે મોંઘવારીની મહાન મુશ્કેલીથી મારા પોષણને માટે મોટો વ્યય થાય છે અને મારો નિર્વાહ કરવાના સાધનો સંપાદન કરવામાં અનેક જાતની ચિંતાઓ ઉભી થાય છે, છતાં પણ મારા ઉત્સાહી વ્યવસ્થાપક મંડળે મારા ઉપયોગી જીવનને ઉજ્વળ રાખવાની મહાન ઉદારતા દર્શાવી છે અને મારા ગુણી ગ્રાહકોની ભેટ પૂજા કરવાની પદ્ધતીમાં કોઇ પણ જાતનો સંકોચ કર્યો નથી, એથી હું એ કૃતજ્ઞ મંડળના આભાર નીચે આવી મારા હૃદયને સંપૂર્ણ કૃતાર્થ માનું છું. અને તે મંડળના નાયકોની અપૂર્વ જ્ઞાન ભક્તિ, ગુરૂ ભક્તિ અને સમાજ ભક્તિ જોઇ તેમને અંતઃકરણથી ધન્યવાદ આપું છું. છેવટે ગુરૂ ગૌરવ ને ગજાવનારા મારા જીવનને કૃતાર્થ માનતું હું પોતે **આત્માનંદ પ્રકાશ** મારા વિદ્વાન્ લેખકોને પુનઃ આમંત્રણ આપુ છું અને ભાવી આશાના કિરણો પ્રગટાવવાને બીજા જૈન અને જૈનેતર વિદ્વાનોના નવીન લેખાલંકાર ધારણ કરવાની તીવ્ર અભિલાષા રાખું છું. તે સાથે આ નવીન વર્ષમાં જૈન સમાજના માર્ગ દર્શક સૂત્રોનું અને તેમના વિચાર, પ્રતિભા અને ચારિત્રના પ્રભાવનું મહાત્મ્ય પ્રગટ કરવા મારા હૃદયને ઉત્સાહથી પ્રેરૂં છું. મારે સંતોષ સહિત કહેવું જોઇએ કે, મને પ્રતિદિન વિશેષ આવકાર મળતો જાય છે, ભારતના મોટા ભાગમાં મારી પ્રવૃત્તિ થતી જાય છે, અને મારી પ્રતિષ્ઠાનો પ્રભાવ પ્રતિ ક્ષણે ચડીઆતો થાય છે, તેને માટે હું મારા ઇષ્ટદેવને નીચેના પદ્યથી નમન કરી હું આ મારી જયંતીનો ઉત્સવ પ્રદર્શિત કરવા મારા જન્મદાતા મહાશયોને સૂચના કરી વિરામ પામું છું.

**यस्य भक्ति सुरकल्पलतैव देहिनामखिलवाञ्छित दात्री ।**
**तं नमामि वर वीर जिनेन्द्रं वर्त्तमान शुभ शासननाथम् ॥ १ ॥**

જેમની ભક્તિ રૂપી કલ્પલતા પ્રાણીઓને સર્વ પ્રકારના વાંછિતો આપનારી છે, તેવા વર્ત્તમાન શાસનના સ્વામી શ્રી વીર ભગવાનને હું નમન કરૂં છું. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री तारंगा तीर्थनुं ऐतिहासिक दर्शन.

શત્રુંજય, ગિરનાર, આબુ વિગેરેની માફક 'તારંગા' પણ જૈનોનું પ્રસિદ્ધ તીર્થ છે.

મ્હોટા તીર્થોની યાત્રાનું ફલ મ્હોટું છે આ વાત તો પ્રાય બધા લોકો જાણે છે, પણ તેનું કારણ જાણનારા ઘણા થોડા હોય છે. આપણે માનીયે છીયે કે બધા તીર્થંકરો અને તીર્થો સરખાં છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે તેની યાત્રાના ફલમાં વિશેષતા હોય છે તેનું કારણ શુ ? ઉત્તરમાં કહેવું પડશે કે તેનું કારણ આપણા ભાવની વિચિત્રતા છે, અને ભાવવિચિત્રતાનો હેતુ તીર્થના માહાત્મ્યની વિશિષ્ટતા હોય છે.

વિચારક યાત્રિકોને અનુભવ હશે કે કોઇ પણ અપૂર્વ તીર્થની યાત્રામાં તીર્થ-નાયકના દર્શનથી જે ભાવોલ્લાસ થાય છે તે અવર્ણનીય હોય છે, પણ તેથી પણ વિશેષ આનન્દ તો તે તીર્થના પ્રાચીન સ્મારકોના દર્શનથી પ્રત્યક્ષ થતી જૈનોની પ્રાચીન જાહોજલાલી અને તેના સ્થાપકોની ભક્તિને શક્તિના અનુમાનથી થાય છે. આવા આનંદથી યાત્રિકના ભાવમાં અસરકારક વૃદ્ધિ થાય છે અને તેમ થતાં ફલમાં વિશિષ્ટતા આવે છે. આ ઉપરથી સમજવું જોઇયે કે તીર્થોમાં જઇ સ્થિરતા પૂર્વક દર્શન પૂજન અને નિરીક્ષણ કરીને ભાવની વૃદ્ધિ કરવી તેજ તીર્થ-યાત્રાનું પ્રથમ ફલ છે.

ગત વર્ષના પૌષ માસમાં અમોએ પવિત્ર તીર્થ 'તારંગા' ની યાત્રાનો લાભ મેળવ્યો હતો. ત્રણ દિવસ ઉપર રહી ઉપરના ચોતરફના પ્રદેશોમાં પરિભ્રમણ કરી મનોરમ ઐતિહાસિક દશ્યો નિહાળી જે અપૂર્વ આનંદ પ્રાપ્ત કર્યો હતો તે હજી સુધી અમારા હૃદયમંદિરમાં જાગૃત છે અને ચિરકાલપર્યન્ત રહેશે, પણ શબ્દોદ્વારા અમારા વાંચકોને તેનો અનુભવ કરાવવાને અમો અશક્ત છીયે, માત્ર તેવા આનંદની પ્રાપ્તિનાં સાધનભૂત કેટલાંક ઐતિહાસિક દશ્યોનું અને આ તીર્થની ઉત્પત્તિના સંબંધે લખાયેલ પ્રાચીન ગ્રન્થોના ઉલ્લેખોનું દર્શન કરાવીને અમો અમારો પ્રયત્ન પૂર્ણ થયો માનીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાચીનતાનો પરામર્શ.

પરમાર્હત ગૂર્જરભૂપાલ **કુમારપાલની** ધાર્મિક ઉદારતાને લીધે ' તારંગા ' પર્વત જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ થયો આ વાતની સાક્ષી જૈન પુસ્તકો ભરે છે-જેનો ઉલ્લેખ આગલ કરવામાં આવશે, પણ તે પહેલાનો **તારગાનો** ઇતિહાસ કેવલ ઘોર અંધકારમાં પડેલો છે. આ અભેદ્ય અંધકારને ભેદવામાં કેવલ અસમર્થ **તારંગાની તારાદેવીના** લેખ સિવાય એક પણ એવો પ્રકાશ અમારી પાસે નથી કે જે પૂર્વોક્ત અંધકારમાં પડેલા ઇતિહાસનું દર્શન કરાવે. આવી સ્થિતિમાં આ તીર્થની પ્રાચીનતાનો પરામર્શ કરવો ઘણો કઠિન થઇ પડે છે, તથાપિ ઉપર્યુક્ત મંદદીપક વડે આપણે બેચ્યાર પગલાં આગલ ભરિશું.

શોધકોને ખબર હશે કે ' તારંગા ' પહાડની તલાટીથી ઉત્તર દિશામાં લગભગ દોઢેક માઇલને છેટે એક દેવીનું સ્થાન છે જેને લોકો ' તારાઇમાતા ' કહે છે. આ તારાઇમાતા તે બીજી કોઇ નહિં પણ બૌદ્ધોની માન્ય ' તારાદેવી ' છે. આ વાતની ખાતરી તેના ઉપરના પ્રાચીન લેખપરથી થાય છે. જે નીચે પ્રમાણે છે—

" ये धर्मा हेतुप्रभवा हेतुं तेषां तथागतोऽप्यवदत् ।
तेषां च यो विरोध एवं वादी महाश्रवणः ॥ "

આ બૌદ્ધોની પ્રસિદ્ધ ગાથા **તારાદેવીના** લેખમાં છે. લેખમાં સંવત્ મિતિ નથી તથાપિ લિપિની પ્રાચીનતાનો વિચાર કરતાં તે વિક્રમની સાતમી યા આઠમી સદીમાં લખાણો હશે એમ જણાય છે. આની પાસેજ એક જૂનું મકાન છે જેમાં મુકુટ ધારિણી ઉભી મૂર્તિયો છે જે ઘણું કરીને બૌદ્ધ ધર્મના કોઇ દેવવિશેષની હશે એમ લાગે છે.

એક બીજું પણ **બૌદ્ધસ્મારક તારંગા** પર્વત પર દૃષ્ટિગોચર થાય છે જે આજકાલ **જોગીડાની ગુફાના** નામથી ઓલખવામાં આવે છે. આ ગુફા બૌદ્ધોની છે, અને હજી પણ તેમાં બુદ્ધની મૂર્તિયો બેઠેલી જોવાય છે. આ ગુફા બૌદ્ધ ભિક્ષુઓનું ધ્યાન કરવાનું સ્થલ છે, અને મૂર્તિયો તેમના ધ્યેય દેવની સ્થાપના છે. પણ હિન્દુસ્થાનમાંથી બૌદ્ધ ધર્મની વિદાયગિરી થતાં લોકો થોડાજ વખતમાં બૌદ્ધ નામ પણ ભૂલી ગયા અને તેમની ગુફાને ભેષધારી એક હલકી જાતિવાચક ' જોગીડા ' શબ્દની સાથે જોડી દીધી. આ ગુફા ઉપરના ગઢની બહાર વાયવ્ય કોણમાં લગભગ અરધા માઇલને છેટે આવેલી છે.

ઉપર્યુક્ત બંને દૃશ્યો બૌદ્ધધર્મનાં છે તેથી એમ માનવાને કારણ મલે છે કે અહીં બૌધ્ધોનું આધિપત્ય હોવું જોઇયે, પણ એક વાત વિચારણીય છે કે તારાદેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને બૌદ્ધ ગુફા વિગેરે જે જે બૌદ્ધ સ્મારકો દૃષ્ટિગત થાય છે તે સર્વે ગઢની બહાર છે. ગઢની અંદર કોઈપણ સ્થલે બૌદ્ધસત્તાસૂચક ચિન્હો નજરે પડતાં નથી તેથી એમ પણ કહી શકાય કે ગઢની અંદરના ભાગમાં બૌદ્ધલોકોનો પગ પેસારો નહિં થયો હોય

પૂર્વોક્ત લેખ અને ગુફાના આધારે સાતમી આઠમી સદીમાં તારંગા ઉપર બૌદ્ધ-સત્તા હોવાની આપણે સંભાવના કરી શકીયે છીયે, પણ તે પહેલાં અને ત્યાર પછી ૫૦૦ વર્ષ સુધી આ પર્વત કોના કબજામાં હતો ? અને કુમારપાલે મંદિર બંધાવ્યા પહેલાં તે તીર્થ તરીકે પ્રસિદ્ધ થયો હતો કે નહિં ? તે વાતનો નિશ્ચિત ખુલાસો આપણને ઇતિહાસમાંથી મલતો નથી.[1]

વ્યવહાર સાધ્યાપવર્ગોપનિષદ્‌ના વિધાતત્ત્વીય અધ્યાય ૧૩ મામાં તારંગા પર્વતનો 'તારણ' નામથી પવિત્ર પર્વત તરીકે ઉલ્લેખ થયો છે પણ આ ઉપનિષદ્‌ની પ્રાચીનતામાં અમને શંકા છે.[2]

---

૧ ફાર્બસ સાહેબ રાસમાલામાં લખે છે કે—' કુમારપાલે શ્રી અજિતનાથની સ્થાપના કરી તેના પહેલાં તે જગ્યાએ ઇમારત હતી એમ જણાય છે.' (રાસમાલા ભા. ૧ લો, પૃ૦ ૬૨૬)

આ ઉપરથી શ્વેતાંબર જૈનોના કાર્યોમાં ટીકા કરતો એક દિગમ્બર જૈન લખે છે કે—

" हमारे श्वेताम्बर भाइयोमें आजकल ऐसी धुन समाइ है कि अन्य तीर्थ और मंदिरोंको अपना जे लगे है ।। अस्तु ये बातें इन लोगोंको ही शोभा देती हैं परंतु जिन जिन तीर्थ और मंदिरोंकी बाबत ये लोग प्रमाण देते हैं वे बिलकुल बनावटी और नितांत झूटे होते हैं । श्रीसम्मेद शिखरके मुकद्दमे में जो बादशाही फरमान पेश कियाथा वह कोर्टसे झूठा साबित हो गया । हालमें तारंगा पर्वतको अपना बताते हैं परंतु वह भी अप्रमाणसा प्रतीत होता हैं । रासमालामें यह लिखा है कि तारंगाजी पर कुमारपाल महाराजने अजितनाथका मंदिर बनाया उसके प्रथम भी वहांपर मंदिर थे अर्थात् दिगम्बर मंदिर उससे प्रथमका बना हुआ था । इसी प्रकार सब जगह यही गडबड मच रही है । " ( દિગમ્બર જૈન, વર્ષ ૧૨, અં. ૧૧ પૃ૦ ૯) કેવી અદ્ભુત કલ્પના! ઇમારતનો અર્થ મંદિર ! અને તે પણ હિન્દુઓનું નહિં, બૌદ્ધોનું, શ્વેતાંબર જૈનોનું નહિ પણ કેવળ દિગંબર જૈનોનું જ ! ખરેખર ! દિગંબર જૈનો તરફથી શ્વેતામ્બર સંપ્રદાય ઉપર કેવા અપ્રમાણિક આક્ષેપો થાય છે તેનો આ એક સુંદર નમુનો છે.

૨ આ જૈનીય ઉપનિષદ્ હમણાં જ અમારા જોવામાં આવ્યો છે. આની ભાષા-રચના અને તેમાં આવતા 'મંડપ' વિગેરે ઐતિહાસિક નામોપરથી તે અધિક પ્રાચીન હોય તેમ જણાતું નથી. નિગમપ્રવર્તક ઇંદ્રનંદીનો રચેલો જો આ ઉપનિષદ્ હોય ત્યારે તો તે પંદરમી સદીની લગભગમાં બનેલો છે એમ જ કહેવું જોઇયે. અમે જે પ્રતિ જોઇ છે તે પ્રાય પંદરમી સદીમાં લખાયેલી છે.

For Private And Personal Use Only

# નામ અને હેતુ.

વિદ્વાનોની એવી કલ્પના છે કે આ પર્વતનું 'તારંગા' નામ પડવાનું કારણ 'તારાદેવી'ની સ્થાપના હોવી જોઇયે[1] અલબત્ત તારાદેવીની સ્થાપનાની પહેલાનું કોઇ નામ આપણને ઇતિહાસ પૂરું ન પાડે ત્યાં સુધી આ કલ્પનાને આપણને તદ્દન અસત્ય કહી શકીયે નહિં, તથાપિ તે પર નિશ્ચયાત્મક વિશ્વાસ પણ બાંધી શકાય તેમ નથી. કારણ, પૂર્વે હિન્દુસ્થાનમાં બૌદ્ધ ધર્મનો સાર્વત્રિક પ્રચાર હતો, તે ધર્મના અનુયાયિયોએ કેટલાંએક વૈદિક અને જૈનધર્મનાં તીર્થો સ્વાધીન કરવા ઉપરાંત ઘણાંએક નવાં તીર્થો સ્થાપ્યાં હતાં, અને ત્યાં પોતાની માન્યદેવી 'તારા'ની સ્થાપના પણ કરી હશે છતાં કોઇ પણ તીર્થ કે પર્વતનું 'તારંગા' એવું નામ કેમ ન પડયું ? એવી પ્રતિકલ્પના પણ કરી શકાય છે, તેથી નામનો નિશ્ચિત હેતુ હજી પણ અંધારામાં જ રહે છે એમ કહેવું અયોગ્ય નથી.

સં૦ ૧૨૮૫ માં લખાયેલા મહામાત્ય વસ્તુપાળના લેખમાં આ પર્વતનું નામ 'તારંગક પર્વત' લખ્યું છે.

વિક્રમની ૧૪ મી સદીના પૂર્વાર્દ્ધમાં થઇ ગયેલ આચાર્ય શ્રી પ્રભાચન્દ્ર પોતાના પ્રભાવક ચરિત્રમાં આનું નામ 'તારંગનાગ' અથવા 'તારાંગનાગ' લખે છે. આ નામ ઉપરથી અનેક પ્રકારના અર્થની કલ્પના થઇ શકે છે પણ ઇતિહાસમાં નિરૂપયોગી હોવાથી તે અત્ર આપવાની જરૂર નથી.

---

૧ ઇતિહાસવેત્તા વિદ્વાન્ ફાર્બસ સાહેબ રાસમાલ માં તારંગાના સંબંધમાં લખતાં જણાવે છે કે—' ડુંગરા ઉપર દેવી તારણમાતાનું દેરૂં આવી રહ્યું છે. તેના ઉપરથી 'તારિંગા' નામ પડેલું છે અને તે વેણીવચ્છરાજ અને નાગપુત્રી તેની સ્ત્રી હતી તેની વેળાથી છે.) ( રાસમાલા ભા૦ ૧ પૃ૦ ૧૨૫ )

એજ લેખક વેણીવચ્છરાજના સંબંધમાં નીચે પ્રમાણે લખાણ કરે છે —' કલિયુગમાં જ્યારે યુધિષ્ઠિરનું નામ માણસોના સંભારણામાં તાજુ રહી ગયું હતું અને જગતને દેવામાંથી છોડવાને જેવામાં વિક્રમ થયો ન હતો તેવામાં ઇડરમાં વેણીવચ્છરાજ રાજ્ય કરતો હતો ' ( રાસમાલા ભા૦ ૧ પૃ૦ ૫૪૭ ).

ફાર્બસ સાહેબના આ બંને ઉલ્લેખો એમ જણાવે છે કે તારણદેવીની સ્થાપનાથી આ પર્વતનું નામ તારંગા પડયું અને તારણદેવીની સ્થાપના કામમાં કમ બે હજાર વર્ષની પહેલાં થયેલ વેણીવચ્છરાજના સમયની છે, પરંતુ તારાદેવીનો લેખ રાસમાલાના કર્તાના આ કથનને [illegible] કે જે [illegible] લિપિ ઉપરથી તે સાતમી સદીનો પુરાણો હોય એમ કોઇ પણ પુરાતત્ત્વવેત્તા કહી શકશે નહિં. તારાદેવીના નામથી પર્વતનું નામ તારંગા પડવાની માન્યતા કેટલી અસ્થિર છે તે વાંચકગણ આ ઉપરથી સમજી શકશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંદરમી સદીમાં અસ્તિત્વ ભોગવતા પ્રખર વિદ્વાન આચાર્ય મુનિ સુંદરસૂરિ, પં૦ પ્રતિષ્ઠાસોમ, અને જીનમંડન ગણિ અનુક્રમે 'જિનસ્તોત્ર રત્નકોશ' 'સોમસૌભાગ્ય કાવ્યઃ' અને 'કુમારપાળ પ્રબન્ધ' માં આ તીર્થનું નામ 'તારણદુર્ગ' એવું આપે છે. આમાં 'તારણ' એ પર્વતનું નામ છે, અને 'દુર્ગ' એ શબ્દ ગઢનો વાચક છે. આ ઉપરથી આજનો 'તારંગા' તે કાલે લોકોમાં 'તારણગઢ' કહેવાતો હશે, એવું અનુમાન થઈ શકે છે, અને આ ઉપરથી ત્વરિત ઉચ્ચારણને લીધે 'તારણગઢ=તારણગઢ=તારંગઢ=તારંગહ=તારંગા' આ ક્રમિક વિકાર થતાં આજનો 'તારંગા' શબ્દ બન્યો હોય એમ જણાય છે, અથવા પ્રભાચંદ્રસૂરિએ આપેલા 'તારંગનાગ' નામના અંત્ય શબ્દનો લોપ થતાં પણ 'તારંગા' એ શબ્દ બનવા સંભવ છે, ગમે તેમ હો પણ 'તારાદેવી' ના નામથી 'તારંગા' શબ્દની ઉત્પત્તિ સ્વીકારવાને તો હજી પણ અમારૂં મન સંકોચ ધારણ કરે છે એ વાત સ્પષ્ટ કહી દેવી જોઈએ.

## તેરમી સદીનું તારંગા.

તારંગાનો ઈતિહાસ વિશેષ રૂપમાં તેરમી સદીથી શરૂ થાય છે, અને તેનો સૂત્રપાત કરનાર ગુર્જર દેશનો મહારાજા પરમાર્હત કુમારપાળ અને ગુર્જર વિદ્વાનોનાં મુખ ઉજ્જવલ કરનાર મહાન જૈનાચાર્ય શ્રીહેમચંદ્ર છે. જૈનધર્મના પરમ સહાયક ગુર્જરભૂમિના પુત્રરત્ન આ બંને મહાપુરૂષોએ આ પર્વત પર ભગવંત અજીતનાથની સ્થાપના કરીને પોતાના યશોદેહને અજીત બનાવ્યો છે, અને પોતાનાં પુણ્ય નામોને ચિરસ્મરણીય કર્યો છે. આ બીના માત્ર જૈનોને જ નહિ પણ ગુજરાતી માત્રને અભિમાન ઉત્પન્ન કરે તેવી છે.

એવી કથા પ્રચલિત છે કે ગુર્જર મહારાજા કુમારપાળે શાકંભરી નગરીના નાથ અર્ણોરાજ ઉપર એકથી વધુ ચઢાઇઓ કરી પણ પોતે તેમાં કૃતકાર્ય થયો નહિ તે પરથી કોઈ સાતિશય દેવની સહાયતા લેવાની તેની વૃત્તિ થઈ. આ વાત પોતાના મંત્રિ વાગ્ભટને જણાવતાં તેણે પાટણના જીનાલયની દેવકુલિકામાં પોતાના પિતા ઉદયન મંત્રિએ સ્થાપન કરેલ અજીતનાથની પ્રતિમાનો અદ્ભુત પ્રભાવ વર્ણવ્યો, તે સાંભળી રાજાએ તે પ્રતિમાની ઘણા જ ભાવથી પૂજા ભક્તિ કરીને એવો સંકલ્પ કર્યો કે-'જો આ વખતની ચઢાઈમાં વિજય થયો તો તેના સ્મારકરૂપ આપના તીર્થની સ્થાપના કરીશ.' આ સંકલ્પ કરીને રાજાએ અર્ણોરાજ પર ફરી વાર ચઢાઇ કરી, અને તેમાં તેને વિજય-લાભ થયો. આથી કૃતજ્ઞ શિરોમણી ચૌલુક્યરાજે તારંગા પહાડ પર અદ્વિતીય ઉંચાઇવાળો જીનપ્રાસાદ તૈયાર કરાવ્યો અને તેમાં પોતાના ગુરૂ આચાર્ય શ્રીહેમચંદ્રના હાથે એકસો એક આંગુલની ઉંચાઇવાળી અજીતનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર્યુક્ત કથાની સત્યતા વિષે આપણને નીચેના ગ્રન્થોમાંથી વિશેષ ટેકો મળે છે—

"अन्यदा भूपतिं श्रीमदजितस्वामि संस्तवम् ।
कुर्वन्तं प्रागरिपुच्छेदसंकल्पपरिपुरतः ॥ ७१८ ॥
तत्प्रासादविधानेच्छं प्रभुरादिक्षित स्फुटम् ।
गिरौ तारंगनागाख्येऽनेकसिद्धोन्नतस्थितौ ॥ ७१९ ॥
विहार उचितः श्रीमन्नक्षय्यस्थानवैभवात् ।
शत्रुंजयोऽपरमूर्तिर्गिरिरेषोपि मृश्यताम् ॥ ७२० ॥
चतुर्विंशति(रशीति)हस्तोच्चप्रमाणं मंदिरं ततः ।
बिम्बंचैकोत्तरशतांगुलं तत्र न्यधापयत् ॥ ७२१ ॥
अद्यापि त्रिदशव्रातनरेन्द्रस्तुतिशोभितः ।
आस्ते संघजनैर्दृश्यः प्रासादो गिरिशेखरः' ॥ ७२२ ॥"

—प्रभाचंद्रसूरिकृतप्रभावकचरित्रान्तर्गत हेमचंद्रसूरिचरित्र, पृ ३३९.

આવા જ ભાવને જણાવતો માત્ર થોડા જ ફેરફારવાળો ઉલ્લેખ કુમારપાળ પ્રબંધમાં ઉપલબ્ધ થાય છે. તે આ પ્રમાણે—

"जिनधर्मप्राप्तौ चैकदा श्रीगुरुवंदनायागतेन राज्ञा श्रीगुरवः श्रीअजितनाथस्तुतिंपठन्तो दृष्टाः । तदा श्रीअजितनाथबिम्बप्रभावः स्मृतिमायातः । हृष्टेन श्रीगुरुभ्यो विज्ञप्तं तत्स्वरूपम् । गुरुभिरपि हे श्रीचौलुक्य भूप ! अयं तारणदुर्गोऽनेकमुनिसिद्धिप्रापकत्वेन श्रीशत्रुंजयतीर्थप्रतिरूपएवेति व्याख्याते श्रीकुमारभूपेन तत्र कोटिसिद्धिपूतकोटिशिलादिमनोरमे श्रीतारणदुर्गे चतु-

૧ અન્ય અવસરે અજીતનાથની સ્તુતિ કરતા અને શત્રુના નાશ કરતા પહેલાં કરેલા સંકલ્પ પ્રમાણે અજીતનાથનો પ્રાસાદ કરાવવાની ઇચ્છાવાળા રાજાને ભગવાન્ હેમચંદ્રે કહ્યું કે હે શ્રીમન્ ચૌલુક્યરાજ! અનેક સિદ્ધોવડે ઉંચી સ્થિતિવાળા આ તારંગા પર્વત ઉપર પ્રાસાદ કરાવવો ઉચિત છે, કારણકે અક્ષયસ્થાનની પ્રભુતાએ કરીને આ પર્વત પણ બીજો શત્રુંજય છે.

આચાર્યના આ ઉપદેશથી રાજાએ ચોરાશી હાથ ઉંચો પ્રાસાદ કરાવ્યો અને એકસોને એક આંગુલ પ્રમાણવાળી મૂર્તિ તેમાં સ્થાપન કરાવી.

દેવગણ અને રાજાઓની સ્તુતિઓ વડે મુખરિત થયેલો, તારંગા પર્વતના મુકુટની શોભાને ધારણ કરતો સંઘને દર્શન કરવા લાયક તે મહાન્ પ્રાસાદ હજી પણ તારંગા પર્વત ઉપર શોભી રહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



र्विंशति (चतुरशीति) हस्तोच्च एकोत्तरशतांगुलश्रीअजितबिंबालंकृतः प्रासादः कारितः । "[1]

પૂજ્યશ્રી મુનિસુંદરસૂરિએ જિનસ્તોત્રરત્નકોશમાં આ તીર્થનાયક શ્રીઅજીતનાથની સ્તવના કરી છે તેમાં પ્રકૃત વિષયમાં ઉપયોગી થાય તેવો નીચેનો ઉલ્લેખ છે—

" जयश्रीर्गर्भगे मातुर्यत्राभुदक्षदेवने ।
तिष्ठापयिषिते चात्र श्रीचौलुक्य महीपतेः ॥ १ ॥
श्रीमत्तारणदुर्गस्थं श्रीमन्तमजितं जिनम् ।
जगज्जैत्रेण मोहेनाजितं तं संस्तुवे मुदा ॥ २ ॥

* * * *

न शस्यते कैः स कुमारपालस्तवात्र तीर्थामरवृक्षरोपणात् ।
सतां भवक्लेशजदुःस्थताभयं जहार यो मुक्तिगमो भवद्वयात्[1] ॥

—जैनस्तोत्र–संग्रह भा० १ पृ० १४६.

ઉપરના વિવિધ ઉલ્લેખો પરથી તારંગાનો તેરમી સદીનો ઇતિહાસ વિશેષ પ્રકાશમાં આવે છે. એજ સદીમાં એક ધર્મિષ્ટ નૃપતિના પ્રતાપે 'તારંગા' પર્વત 'તીર્થ' આવા પાવન નામને ધારણ કરે છે, અને આજસુધી તેને જાળવી રાખે છે. આ બાબતનો આપણને ઉપર્યુક્ત ઉલ્લેખથી સારી રીતે બોધ થાય છે.

---

૧ જીનધર્મ પામ્યા પછી કેઇ અવસરે ગુરૂ મહારાજને વંદન કરવા આવેલા કુમારપાળે આચાર્ય મહારાજ શ્રીહેમચંદ્રજીને અજીતનાથની સ્તુતિ ભણતા જોયા ત્યારે અજીતનાથની પ્રતિમાનો પ્રભાવ યાદ આવ્યો. હર્ષ પામેલા રાજાએ તે હકીકત ગુરૂમહારાજને જણાવી. ગુરૂએ પણ ઉત્સાહજનક વચનોથી રાજાને કહ્યું કે હે ચૌલુક્યરાજ ! આ તારંગા પર્વત પણ અનેક મુનિઓને સિદ્ધિ પ્રાપ્ત કરાવનારો હોવાથી શત્રુંજય પર્વતનું જ બીજું રૂપ છે.

ગુરૂમહારાજની આ વ્યાખ્યા સાંભળીને રાજાએ કરોડો પુરૂષોને સિદ્ધિ આપવાથી પવિત્ર થયેલી કોટીશિલા વિગેરેથી મનોહર શ્રીતારંગા પર્વત પર એકસોને એક આંગળ પ્રમાણવાળા અજીતનાથ પ્રતિમાવડે ભૂષિત ચોરાશી હાથની ઉંચાઇવાળો પ્રાસાદ કરાવ્યો.

જે ગર્ભમાં રહીને પણ પોતાની માતાને અક્ષક્રીડામાં જય આપનાર હતા, જેમની તારંગા પર સ્થાપના કરવાની ચૌલુક્યરાજ કુમારપાળે ઇચ્છા કરી, જે જગતને જીતનારા મોહથી પણ જીતાયા નહિ તે તારંગા ગઢ ઉપર વિરાજતા શ્રીમાન્ અજીતનાથની હું હર્ષપૂર્વક સ્તુતિ કરૂં છું.

હે નાથ જેણે તમારા તીર્થરૂપી કલ્પવૃક્ષને વાવીને સંસારના ક્લેશથી ઉત્પન્ન થનારી સજ્જનોની દરિદ્રતાનો નાશ કર્યો, અને જે સ્વયં બે ભવમાં મોક્ષે જનાર છે એવા તે કુમારપાળ ભૂપાળની સ્તુતિ કોણ નહીં કરે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેરમી સદીના કયા વર્ષમાં તારંગા તીર્થની પ્રતિષ્ઠા થઇ તે હજી ચોક્કસ થયું નથી. હાલ તો એ સંબંધમાં એટલુંજ કહેવું વાજબી ગણાશે કે ૧૨૧૬ થી ૧૨૩૦ સુધીના કુમારપાળના દૃઢ જૈનત્વના ૧૪ વર્ષો પૈકી કોઇએક વર્ષમાં તારંગાના જિનાલયની પ્રતિષ્ઠા થઇ છે.

યદ્યપિ કેટલીક દંતકથાઓ પરથી એમ કહી શકાય કે કુમારપાળની જીંદગીના લગભગ છેલ્લા વર્ષમાં તારંગાના જીનમંદીરની પ્રતિષ્ઠા થઇ હશે, પરંતુ ઐતિહાસિક વિષયમાં તેવી દંતકથાઓ પર વિશ્વાસ મૂકવાનું અમો વાજબી ધારતા નથી.

## અન્ય ધાર્મિક પુરૂષોનો સહયોગ.

જો કે આ પાવન તીર્થની સ્થાપના પુણ્યનો ભોક્તા તો એક જ મહારાજા કુમારપાળ ગણાશે પણ એની વૃદ્ધિ અને ઉન્નતિમાં સહયોગ આપનારા અનેક ધાર્મિક પુરૂષોનાં નામ ઉલ્લેખવા યોગ્ય છે.

પ્રસિદ્ધ મંત્રિ વસ્તુપાળે તારંગા પર્વતના આ અજીતનાથ ચૈત્યમાં શ્રી આદિનાથની પ્રતિમા સહિત બે ન્હાની દેરિયો ( ખત્તકો ) કરાવી હતી એમ ત્યાંના શિલાલેખથી જણાઇ આવે છે.[1]

નાગપુરીય સા૦ લાહડે પણ આ મંદિરના ગુઢમંડપમાં આદિનાથના બિંબ સહિત ખત્તક કરાવ્યાનો ઉલ્લેખ આબુના એક શિલાલેખમાં મળી આવે છે.[2]

---

૧ આ બન્ને દેહરીયો લેખ સહિત હજી મોજુદ છે પણ તેમાં જિનપ્રતિમાને બદલે હાલ યક્ષ યક્ષિણીની મૂર્તિયો છે. બંને દેહરિયોમાં લેખ નીચે પ્રમાણે છે—

" ॥ ५० ॥ स्वस्ति श्री विक्रम संवत् १२८५ वर्षे फाल्गुन शुदि २ रवौ श्रीमदणहिलपुर वास्तव्य प्राग्वाटान्वय प्रसूत ठ० श्रीचंडपात्मज ठ० श्रीचंडप्रसादांगज ठ० श्री सोमतनूज ठ० श्री आशाराजनंदनेन ठ० कुमार देवीकुक्षि संभूतेन ठ० श्री लूणिग महं श्री मालदेव योरनुजेन महं श्री तेजः पालाग्रजन्मना महामात्य श्री वस्तुपालेन आत्मनः पुण्याभिवृद्धये इह श्री तारंगक पर्वते श्री अजितस्वामि देवचैत्ये श्री आदिनाथदेव जिनबिम्बालंकृत खत्तकमिदं कारितम्, प्रतिष्ठितं श्री नागेन्द्रगच्छे भट्टारक श्री विजयसेनसूरिभिः । " ( बीजी देरीमां पण आवोज लेख छे )

૨ આ અને ઉપરનો લેખ પૂજ્યપાદ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજની કૃપાથી મ્હને પ્રાપ્ત થયો છે. આ લેખના સંબંધમાં મ્હને એમ કહેવામાં આવ્યું હતું કે આ લેખ આબુ ઉપરના દેહરામાં છે અને તે વસ્તુપાળનો લખાવેલો છે. પણ સંપૂર્ણ લેખ વાંચતાં મ્હને લાગ્યું કે આ લેખ મંત્રિ વસ્તુપાળનો નહિં પણ નાગપુરીય ( નાગોરવાસી ) સા૦ લાહડનો લખા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જીર્ણોદ્ધાર.

આ પરિવર્તનશીલ સંસારમાં કોઇ પણ કૃત્રિમ પદાર્થની સદા કાળ એક સરખી સ્થિતિ રહેવાની નથી એ સિદ્ધાંત સર્વ–માન્ય છે. આજે પૂર્ણરૂપમાં ખીલી નીકળેલા પુષ્પની આવતી કાલે કેવી દશા થશે તે આપણે સારી રીતે જાણીયે છીએ, પણ આ કાળના અનિવાર્ય સ્વભાવને આપણે સુખે દુઃખે પણ ગળે ઉતારી જઈયે છીયે, પરંતુ જ્યારે તેમાં પ્લેગ અને ઇન્ફ્લ્યુએન્ઝાના રૂપમાં ભયંકર વિકૃતિ ફાટી નીકળે છે ત્યારે તેનું સ્વરૂપ દુઃસહ થઇ પડે છે. લોકો તેનાં નામમાત્રથી પણ તોબા પુકારે છે અને તેના ઝપાટામાંથી છટકી જવાને જ્યાં ત્યાં ભાગતા ફરે છે, આ વાત અમારા વાચક મહાશયોથી અજાણી તો નહીં જ હોય. આવા જ પ્લેગ–ઇન્ફ્લ્યુએન્ઝાઓ–કાળ અકોપો પૂર્વે મહમ્મદ ગજનવી અને અલાઉદ્દીન ખીલજીના રૂપમાં હિન્દુસ્થાન ઉપર ચઢી આવી હિંદુઓના દેવમંદિરો, દેવમૂર્તિયો અને ધર્મપુસ્તકો ઉપર ટુટી પડ્યા હતા. અને હજારો દેવમંદિરો અને દેવમૂર્તિયોનો ભોગ લઇ શાંત થયા હતા. અહા ! આ કરૂણાજનક દૃશ્ય નજરે જોનાર હિંદુઓના ધર્મપ્રાણ હૃદયમાં કેટલી અસહ્ય વેદના થઇ હશે !.

આપણું તારંગા તીર્થ પણ આ અકાળ કાળકોપનો ભોગ થઇ પડયું હતું એવા દુઃખદ સમાચાર આપણને શ્રીમાન્ મુનિ સુન્દરસૂરિ પૂરા પાડે છે. તેઓ જણાવે છે કે ' કુમારપાળે સ્થાપન કરેલ જિનબિંબ મ્લેચ્છોએ દૂર કરવાથી સૂકાઇ ગયેલા તેમના પુણ્યવૃક્ષને ગોવિંદ સંઘપતિએ પોતાના ધનરૂપી જળથી સિંચીને પાછું નવપલ્લવ કર્યું, આ વૃત્તાન્ત તેઓ નીચેના શ્લોકોથી અલંકારિક ભાષામાં વર્ણવે છે—

" कुमारपालस्य कथं न मित्रं गोविंदसंघाधिपतिर्भवेत् सः ।
ग्रीष्मे कलौ म्लेच्छदवाग्नितापैस्तद्यस्त बिम्बापगमेन शुष्कम् ॥
पुण्यद्रुमं तस्य नवत्वदेतद्विंबप्रतिष्ठापनतस्तदर्थैः ।
जलप्रवाहैः किल योऽभिषिच्य प्रभोऽधुना पल्लवयाञ्चकार ॥ "

—जैन स्तोत्र संग्रह भा० २

વેલો છે. લેખમાં લાહડ અને તેના કુટુંબિયોએ–જુદા જુદા સ્થાનકે કરાવેલ જીર્ણોદ્ધાર પ્રતિમા-સ્થાપન વિગેરેની યાદી આપેલી છે. આમાં તારંગાના સંબંધમાં " श्री तारणगढे श्री अजितनाथ–गुढमंडपे श्री आदिनाथबिंबं खत्तकं च " આટલો ઉલ્લેખ છે. આ લેખ લખ્યાની સાલ વિક્રમ સં० ૧૨૯૬ ની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના [૧]લોકો સિવાય **તારંગાતીર્થને** મ્લેચ્છોને હાથે નુકશાન પહોંચ્યાના સમાચાર કોઈ પણ પુસ્તકથી મળતા નથી. **ગોવિંદ** સંઘવીએ કરાવેલ **તારંગાના** જીર્ણોદ્ધારના વર્ણનમાં **સોમસૌભાગ્યના** કર્તા પં૦ **પ્રતિષ્ઠાસોમે** પોતાના કાવ્યનો આખો સાતમો સર્ગ રોકયો છે, છતાં તેમાં પણ કોઇ સ્થળે આવો ઉલ્લેખ નથી જોવામાં આવતો કે ' મ્લેચ્છોએ નુકશાન પહોંચાડવાથી ગોવિંદને તેનો ઉદ્ધાર કરવાની જરૂર જણાઈ હતી. ' તેઓ આખા સર્ગનો સાર એક પદ્યમાં જણાવી આપે છે. તે પદ્ય આ છે—

" यः पर्वतोपरि गरिष्ठमतिः कुमारपालोर्वरेश्वरविहारमुदाराचित्तः ।
जीर्णं सकर्णमथवाऽनघवासनावान् द्रव्यव्ययेन बहुलेन समुद्दधारं ॥ "

ઉપર પ્રમાણે **સોમસૌભાગ્યકાર** કેવલ ' જીર્ણ ' શબ્દનોજ ઉલ્લેખ કરે છે પણ બીજું કાંઇ કારણ જણાવતા નથી. મુનિ સુંદરસૂરિએ જીર્ણોદ્ધારનું વિશેષ કારણ બતાવ્યું છે ખરૂં, પણ તેની સ્પષ્ટતા કરી નથી. કયા મ્લેચ્છોથી કયારે અને કેવા પ્રકારનું નુકશાન થયું તે એમના અલંકારિક શબ્દોથી સ્પષ્ટ થતું નથી. એમના જણાવેલા મ્લેચ્છો તો સંભવ પ્રમાણે **અલ્લાઉદ્દીન** ખીલજીના સૈનિકો હોવા જોઇયે, અને તેમણે **ગુજરાત** પર હલ્લો કર્યો તે અરસામાં આ તીર્થને પણ નુકશાન કર્યું હશે એમ લાગે છે. જો આ કલ્પના ખરી હોય તો વિક્રમની ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં એ ઘટના બની એમ કહી શકાય. પણ ' બિંબાપગમ ' અને ' શુષ્ક ' એ શબ્દો તો કેવળ અનિશ્ચાયક છે, કારણ કે બિંબને ભાંગી તોડી નાખવાથી જેમ ' બિંબાપગમ ' થાય છે, તેમ મૂલ સ્થાનથી તેને સહીસલામત ઉઠાડી દેવાથી પણ ' બિંબાપગમ ' શબ્દનો પ્રયોગ કરી શકાય છે. પહેલો દુશ્મનના હાથે થાય છે, ત્યારે બીજો આપત્તિમાંથી બચાવવાના અભિપ્રાયથી તેના ભકતોથી થઇ શકે છે, આ બે પ્રકારના ' બિંબાપગમ ' માંથી કુમારપાલના **તારંગાના** જિનમંદિરમાંથી કેવા પ્રકારનો ' બિંબાપગમ ' થયો તે આપણે મુનિ સુંદરસૂરિના શબ્દોથી નિશ્ચિત કરી શકતા નથી; પણ બીજા પ્રકારના 'અપગમ'નો સંભવ ઓછો રખાય છે. કારણ જો પ્રાચીન અખંડ બિંબ તારંગાના કુમારવિહારમાં પૂજાતું હોય તો ત્યાં નવીન બિંબ સ્થાપન કરવાની વૃત્તિ ગોવિંદ સંઘવીના હૃદયમાં જાગેજ નહિં, આ વાત સહજ સમજી શકાય તેવી છે. અને ગોવિંદે ઉદ્ધાર કર્યા પહેલાં પણ તારંગા તીર્થમાં અજિતનાથ પૂજાતા હતા, ને ગોવિંદ પોતે પણ શત્રુંજય, ગિર-

૧ જે ઘણી બુદ્ધિનો ધણી છે, જે ઉદાર મનવાલો છે, જે વિચારવાન્ પુરૂષોમાં પ્રધાન છે અને જેની વાસનાઓ પવિત્ર છે, એવા સંઘવી ગોવિંદ શાહે ઘણું દ્રવ્ય ખરચીને તારંગા પર્વત ઉપર કુમારપાળ વિહારનો (કુમારપાલ રાજાએ બનાવરાવેલ જિનમંદિરનો) જીર્ણોદ્ધાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર વિગેરે તીર્થોની યાત્રા કરીને પોતાના સંઘની સાથે તારંગા ઉપર અજિતનાથને વંદન કરવા ગયો હતો. આ વાત સોમસૌભાગ્યમાં સ્પષ્ટ જણાવેલી છે. આ બધો વિચાર કરતાં એમ જણાય છે કે મુસલમાનોએ મૂલબિંબને ખંડિત કરીને સ્થાનથી ઉઠાડી મૂક્યું હશે અને મંદિરને પણ થોડું ઘણું નુકસાન પહોંચાડ્યું હશે. આથી તેનો તીર્થ તરીકેનો પ્રભાવ મંદ પડી ગયો હશે. મુનિ સુંદરસૂરિના શબ્દોમાં 'શુષ્ક' થઈ ગયો હશે અને તેથી ત્યાં નવીન બિંબ પધરાવીને પાછી તેની જાહોજલાલી કરવાની ઇચ્છા ગોવિંદ શાહના હૃદયમાં ઉદ્ભવી હશે એમ કલ્પી શકાય છે.

## ગોવિંદ સંઘવી.

ગોવિંદ સંઘવી ઇડરગઢના રાવ શ્રીપુંજાજીનો બહુ માનીતો અને ઇડરના સંઘના અગ્રેસર વત્સરાજ સંઘવીનો પુત્ર હતો. તે શ્રીમન્ત અને રાજમાન્ય હોવા ઉપરાંત ચુસ્ત ધર્મશ્રદ્ધાલુ હતો, અને તપગચ્છપતિ શ્રીમાન્ આચાર્ય સોમસુંદર સૂરિને પોતે અનન્ય ગુરૂભક્તિથી પૂજતો હતો, તેણે પોતાના ગુરૂ સોમસુંદરસૂરિના ઉપદેશથી અનેક ધાર્મિક કાર્યો કર્યાં હતા. અને શત્રુંજય, ગિરનાર, સોપારક વિગેરેનો મ્હોટે ખર્ચે સંઘ કહાડીને અનેક સાધર્મિક ભાઈઓને અપૂર્વ તીર્થયાત્રાઓનો લાભ આપ્યો હતો. આ મ્હોટા સંઘ સાથે સઘળા પ્રસિદ્ધ તીર્થોની યાત્રા કરીને પોતાને ઘરે આવ્યા પછી આ સંઘવીના મનમાં તારંગા તીર્થમાં અજિતનાથની નવીન પ્રતિમા બેસાડવાનો મનોરથ ઉદ્ભવ્યો હતો, જે પ્રતિષ્ટા સોમગણિ નીચેના સરલ શબ્દોમાં વર્ણવે છે—

" चित्तेऽन्यदेति विममर्श स दीर्घदर्शी श्रीतारणेऽसुरचमूविनिवारणेऽद्रौ ।
संस्थापयामि गुरुबिम्बमहं विलम्बमुत्सृज्य नव्यमजितस्य जिनेश्वरस्य[1] ।४२।

આ પછી ગોવિંદે આરાસની અંબાદેવીનું આરાધન કરીને નવ્ય બિંબને માટે એક મ્હોટી શિલા ગાડામાં ભરાવીને તારંગા ઉપર મંગાવી. જેના સંબંધમાં કવિ પ્રતિષ્ઠા સોમે ઘણું વિસ્તૃત વર્ણન કર્યું છે, તેમાંથી એક બે પદ્ય નીચે આપવામાં આવે છે.

स्तोकं चलन्नथ रथोऽध्वनि भूरिमासैरागात्स तारणगिरेः सदाधित्यकायाम् ।
स प्रस्तरो घटयितुं वरसूत्रधारैः प्रारभ्यते स्म कृतविस्मय ईक्षकाणाम् ॥ ५७॥

૧ અન્ય દિવસે તે દીર્ઘદર્શી સંઘવી ગોવિંદે પોતાના મનમાં વિચાર કર્યો કે અસુરોની સેનાનું નિવારણ કરનાર તારંગા પર્વત ઉપર હું ભગવાન્ અજિતનાથની નવીન મ્હોટી સ્થાપના કરૂં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्तोकैर्दिनैर्दिनपबिम्बविडम्बिभाभिर्विभ्राजितात्रिभुवनं भवनं महिम्नाम् ।
बिम्बं महत्तरमभूदजितस्य नेतुः स्थाने न्यवेशि च शुभेऽह्नि मनुष्यलक्षै[1]: ॥९८॥
सोम सौभाग्य काव्य सर्ग ७.

ઉપર પ્રમાણે જ્યારે આ નવીન બિંબ ઘડાઈને તૈયાર થયું ત્યારે તેની પ્રતિષ્ઠાને માટે ગોવિંદે મ્હોટો સમારોહ આરંભ્યો અને ગણનાતીત કુંકુંમપત્રિકાઓ મોકલીને પ્રતિદેશ અને પ્રતિનગરના સંઘને આમંત્રણ કર્યું. જેમ જેમ પ્રતિષ્ઠાનો સમય નજદીક આવતો ગયો તેમ તેમ માણસોનો જમાવ વધવા લાગ્યો અને આખર સુધીમાં લાખો માણસોની મેદની એકઠી થઇ ગઈ. ગુણરાજ અને એકરાજ[2] જેવા અનેક રાજમાન્ય પુરૂષોએ પોતાના રાજશાહી ઠાઠની સાથે આવીને આ મેળાને વિશેષ શોભાયમાન બનાવ્યો. આવનાર સર્વ સંઘોનો ચોકી–પહેરો રાવપુંજાજીના સૈનિકો ભરતા હતા. પોતાના સાધર્મિક ભાઈયોની આ હાજરીથી ગોવિંદ સંઘવીના ઉત્સાહ અને હર્ષનો તો પારજ રહ્યો નહિ.

આ લાખો મનુષ્યોની હાજરીમાં કૃતપુણ્ય ગોવિંદે તૈયાર કરાવેલી અજિતનાથની પ્રતિમાની આચાર્ય શ્રી સોમસુંદર સૂરિએ પ્રતિષ્ઠા કરી, અને તેજ દિવસે પંડિત જિનમંડનને વાચકપદ પણ અર્પણ કર્યું. પદ તેમજ તારણગઢના દેવળમાં નવીન બિંબની પ્રતિષ્ઠા કઇ સાલ મિતિમાં થઇ તેનો ખુલાસો કાવ્યકારે આપ્યો નથી. તેમ અમે પણ વર્તમાન મૂળનાયક અજિતનાથની પ્રતિમા ઉપરનો લેખ લઈ શકયા નથી. તેથી પ્રતિષ્ઠાનો ચોક્કસ સંવત જાણી શકાયો નથી. આ સંબંધમાં કેવળ એટલું જ કહી શકાય કે સં. ૧૪૮૨ની પહેલાં આ પ્રતિષ્ઠા થઇ ગઈ હોવી જોઇએ; કારણ કે ઇડરના રાવપુંજાજીના વખતમાં એ પ્રતિષ્ઠા થઇ હતી એ વાત તો નિર્વિવાદ છે. રાવપુંજોજી લગભગ ૧૪૮૨ ના વર્ષમાં સ્વર્ગવાસી થઇ ગયા હતા તેથી આ અરસા પહેલાં તારંગાની પ્રતિષ્ઠા થઈ ગઇ હતી એ વાત સિદ્ધ થાય છે.

## વર્તમાન દશ્યો.

વર્તમાનમાં તારંગાનાં દશ્યો પૈકી તારાદેવી અને બૌદ્ધગુફાનો ઉલ્લેખ પૂર્વે થઇ ગયો છે એટલે તે સિવાયના દશ્યોનોજ ઉલ્લેખ કરવાનું બાકી છે.

---

૧ ત્યારબાદ માર્ગમાં ધીમે ધીમે ચાલતો તે રથ ઘણે મહીને તારંગાગિરિ ઉપર પહોંચ્યો અને પ્રેક્ષકોને આશ્ચર્ય કરાવનાર તે મહાન્ પત્થર ઉસ્તાદ કારીગરોએ ઘડવા માંડયો.

સૂર્યમંડલને ઝાંખું પાડનારી કાંતિ વડે ત્રણે જગતને પ્રકાશિત કરનાર, પ્રભાવશાળી અને કદમાં ઘણુંજ મ્હોટું અજિતનાથનું નવીન બિંબ થોડાજ દિનમાં ઘડાઇને તૈયાર થયું અને લાખો માણસોએ મળીને તેને શુભદિવસે સ્થાનકે ( મંદિરમાં ) સ્થાપન કર્યું.

૨ કર્ણાવતી નિવાસી આ બંને ગૃહસ્થો ગુજરાતના બાદશાહની ફોજના ઉપરિ અધિકારિયો હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગભગ એક માઇલ જેટલો પર્વતનો ચઢાવ ઉલ્લંઘન કર્યા પછી ઉપરના ગઢનો પશ્ચિમ દરવાજો આવે છે, દરવાજામાં પેસતાં જમણી તરફની તેની ભીંતમાં ગણેશના આકારના કોઈ યક્ષની મૂર્ત્તિ છે અને ડાબા હાથે એક દેવીની મૂર્તિ છે.આવીજ બે મૂર્ત્તિયો મૂળમંદિરમાં જવાને પહેલે દરવાજે અંદરના ભાગમાં છે, આ પરથી અનુમાન કરી શકાય કે મંદિરમાં પેસવાના દરવાજાની માફક ગઢનો દરવાજો પણ જૈનો તરફથી થયો હશે.

ગઢની અંદર શરૂઆતમાં પૂર્વ તરફ અને પછી અગ્નિકોણમાં લગભગ અર્ધો માઇલ ચાલીયે ત્યારે ઉપરનાં મંદિરોનાં દર્શન થાય છે. પ્રથમ દિગંબરોની ધર્મ-શાળા આવે છે અને તેની જોડેજ શ્વેતાંબરીય ધર્મશાલા અને મંદિરમાં જવાનો ઉત્તર દરવાજો દૃષ્ટિગોચર થાય છે. મુખ્ય મંદિરનું મુખ અને મુખ્ય દરવાજો જો કે પૂર્વ સંમુખ છે; તથાપિ લોકોની આવ-જા ઉત્તરના દ્વારથીજ થાય છે.

તારંગાના મંદિરની જેટલી ઉંચાઇ બીજા કોઇ પણ દેવળની નથી એવી જૈનોમાં પ્રસિદ્ધિ જામેલી છે અને તેની ખરેખરી સત્યતા આ દેવળને નજરે જોતાંજ જણાઈ આવે છે. આવી ઉંચાઇ અને જાડાઇવાલું જબરદસ્ત દેવળ જૈનોમાં તો બીજે કયાંય નથી જ, પણ હિંદુસ્થાનભરમાં પણ આવું આલીશાન મંદિર બીજે કોઈ સ્થળે હોય એમ અમારા જાણવામાં નથી. પ્રભાવક ચરિત્ર અને કુમારપાલ પ્રબન્ધમાં આની ઉંચાઇનું પ્રમાણ ચોવીશ હાથનું લખ્યું છે, તે ખરેખર ભૂલભરેલું છે, ચોવીશ નહિ પણ ચોરાશી હાથ લખવું જોઇયે, આ ભૂલ ગ્રન્થકારની નહિં પણ લેખકે ' ચતુરશીતિ ' ને ઠેકાણે ' ચતુર્વિંશતિ ' લખીને કરી હશે એમ લાગે છે. ગમે તેમ હો પણ મંદિરની ઉંચાઈ ચોરાશી હાથથી વધારે હશે; પણ ઓછી તો નહિંજ એ વાત ચોક્કસ છે. આવી ઉંચાઇના પ્રમાણમાં તેની જાડાઈ કેટલી હોવી જોઇયે તે વાંચક પોતે જ વિચારી લેશે.

હાલની અજિતનાથની પ્રતિમા જે ગોવિંદ સંઘવીની બેસાડેલી છે તેની ઉંચાઇ પણ પાંચ હાથથી ઓછી તો નહિજ હોય. કુમારપાલે કરાવેલી પ્રતિમાની ઉંચાઇ એક સો એક આંગલની હતી એમ કુમારપાલ ચરિત્રના લેખક જણાવે છે, પણ હાલની પ્રતિમાનું પ્રમાણ તો તે કરતાં પણ વધારે છે એમ જોનારને ખાત્રી થાય છે, અને નીસરણી વિના લલાટમાં તિલક કરી શકાતું નથી એજ એની ઉંચા-ઈનું સારૂં પ્રમાણ છે.

મ્હોટા મંદિરના કોટને લગતાં જ અગ્નિકોણમાં બીજા બે દેરાસરો આવેલાં છે જે નંદીશ્વર અને અષ્ટાપદનાં દેરાં કહેવાય છે.

મંદિરની પૂર્વ દિશામાં પોણાએક માઇલ પર એક ટેકરી છે, જે પુણ્યપાપની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બારીના નામથી ઓળખાય છે. અહીં ટેકરીની ટોચ ઉપર મ્હોટા પત્થર ઉપર એક દેરી છે જેમાં રહેલ પ્રતિમાજીના પરિકરમાં સં. ૧૨૭૫ ના વૈશાખ શુદિ ૩ નો લખેલો એક લેખ[1] છે. એજ દેરી વાળા પત્થરની નીચેની ગુફામાં અર્વાચીન કાળમાં સ્થાપિત થયેલી પાદુકા છે. મૂળ મંદિરથી આ ટેકરી તરફ આવતાં વચમાં પાણીનાં ઝરણાં અને બગીચાના આકારની વૃક્ષોની ઘટા દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન કાળની ઇમારતોનાં ભગ્નાવશેષો પણ આ તરફ અધિક પ્રમાણમાં જોવાય છે. અનેક મકાનોના પાયા અને ભીંતો પ્રેક્ષકને–પૂર્વકાળમાં અત્રે સારા પ્રમાણમાં મનુષ્યની વસતિ હોવાનું–સૂચન આપે છે. સાડા ત્રણ ફીટ જેટલી મકાનોની ભીંતની જાડાઇ અને તેમાં વપરાયેલી ઈંટોની લંબાઈ તથા પહોળાઈનું અનુક્રમે ૧૪ અને ૯ ઇંચનું પ્રમાણ જોતાં વલ્લભીપુરનાં પ્રાચીન ખંડિયેરો અને ઈંટો યાદ આવે છે.[2] અને તે ઉપરથી આ મકાનો વિક્રમની સાતમી આઠમી સદીમાં બન્યાં હશે એવું અનુમાન સહજ થઇ જાય છે.

આ પર્વતીય પ્રદેશમાં વસેલા ગામના રક્ષણને માટે તેજ વખતમાં એક મજબૂત કિલ્લો બાંધી લેવામાં આવ્યો હતો, જે હજી પણ કેટલાક ભાગમાં વિદ્યમાન છે અને ઘણો ભાગ જમીન દોસ્ત થયો છે. કિલ્લાની ભીંતની જાડાઈ લગભગ ૭ ફીટ જેટલી છે, આ ઉપરથી તે કેવો મજબૂત હોવો જોઇયે તે સ્વયં જણાઇ આવશે. કિલ્લાના પૂર્વ અને પશ્ચિમ દિશાના દરવાજા હજી મોજુદ છે, પણ તે અસલના વખતના છે કે પછીના બનેલા તે કહી શકાય તેમ નથી. જૈન ગ્રન્થોમાં આ કિલ્લાને 'તારણદુર્ગ' ના નામથી ઉલ્લેખ્યો છે.[3]

૧ આ લેખનો ઘણો ભાગ ઘસાઇ જવાથી બરાબર વંચાતો નથી.

૨ **વલ્લભીપુરી**નાં સાતમી આઠમી સદીમાં બનેલાં મકાનોનાં ભૂશાયી ખંડિયેરો હજી પણ આધુનિક **વલ્લભી** (વળા) ની પશ્ચિમ દિશામાં જમીનમાંથી નીકળી આવે છે. આ ભગ્નાવશેષોમાંથી નીકળેલી કેટલીક ઈંટો વળાના સંગ્રહસ્થાનમાં રાખી મૂકવામાં આવી છે. આ ઈંટો લંબાઇ અને પહોળાઇમાં **તારંગાની** ઈંટો જેટલી છે અને તોલમાં એક એક ઈંટ ૨૨ સેર વજનની છે.

૩ કેટલાક આધુનિક વિદ્વાનો આ ગઢને 'તારાગઢ' અને આને લગતા નગરને 'તારાપુર' કહે છે, અને આ માન્યતાનો આધાર અમુક દંતકથાને માને છે, પણ આવી બાબતોમાં દંતકથાપર કેટલું વજન મૂકવું તે ઇતિહાસવેત્તાઓથી અજાણ્યું નથી. 'તારાગઢ' નામનું જે ઐતિહાસિક સ્થળ મનાય છે તે આ નહિં પણ અજમેર પાસે આવેલું છે; એમ ઇતિહાસે પુરવાર કર્યું છે. આ ઉપરથી 'તારાગઢ' 'તારાપુર' અને 'તારાદેરી' ના સંબંધે ચાલતી દંતકથાઓનું વજન જણાઇ આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરથી દક્ષિણમાં પત્થરથી બાંધેલું પાકું તલાવ છે, અને ઉંચી ટેકરી ઉપર ચૌમુખજીની દેરી છે. પાસેની બીજી દેરીમાં એક પ્રતિમા છે જે પાછળથી કંદોરો ઘસી નાખીને દિગંબરી બનાવવામાં આવી છે.[1] આ ટુંક ઉપર દિગંબરોની એક દેરી બની રહી છે. આ ઉંચી ટેકરી 'કોટિશિલા' નામથી પ્રખ્યાત છે.

મંદિરની ઉત્તર દિશામાં બીજી એક ટેકરી છે જે 'સિદ્ધશિલા' કહેવાય છે, આના ઉપર પણ ચૌમુખજી અને પગલાંની દેરીયો છે. પાસે દિગંબરોની એક દેરી બને છે. આ ટેકરી ઉપર જતાં વચમાં વિકટ ગુફાઓ અને ન્હાની ન્હાની ઉભી દિગંબરીય પ્રતિમાઓ નજરે પડે છે. ધર્મશાલામાંથી નીકળતાં જ થોડે દૂર એક જૂનો કુવો અને એક જળનું કુંડ વચમાં મળે છે, કુવો કચરાથી લગભગ ભરાઇ જવા આવ્યો છે, પણ કુંડ જળથી ભરેલો છે, અને તે જળ વપરાય પણ છે.

મૂળ મંદિરની પૂઠમાં પશ્ચિમ તરફ કેટલાંક ન્હાનાં મ્હોટાં દિગંબરીય મંદિરો આવેલાં છે, પણ અજિતનાથના જંગી દેરાની આગે તે દેરી જેવડાં ન્હાનકડાં દેખાય છે. સઘળાં દિગંબરીય મંદિરો અજિતનાથના મંદિરની અપેક્ષાએ નવીન છે.

આ ઉપરાંત પણ કેટલાંક ઉપયોગી તેમજ નિરૂપયોગી દશ્યો તારણગઢની અંદર દર્શકોના નેત્રોને આનંદ આપે તેવાં ગણાવી શકાય તેમ છે; પણ લેખ વિસ્તારના ભયને લીધે સર્વનો ઉલ્લેખ કરી શકાયો નથી.

છેવટે વિચારક અને ભાવિક યાત્રિકોને 'તારંગા તીર્થ' ની મુલાકાત લેવાની ભલામણ કરી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

રામપુરા ( ભંકોડા )
તા૦ ૩૧-૭-૧૯૨૦.

મુનિ કલ્યાણવિજયજી.

---

૧ એમ કહેવાય છે કે થોડાંક વર્ષો ઉપર કોઇ એક દિગમ્બરે શ્વેતાંબરોના કબજાની આ શ્વેતામ્બર જિન મૂર્તિને પોતાની બનાવવા માટે ચોરીછુપીથી કંદોરો ઘસાવીને લિંગનો આકાર બનાવરાવ્યો હતો; પણ વેળાસર એ ચોરી પકડાઇ જતાં માફી માંગીને તે શ્વેતામ્બરોની દયાનું પાત્ર બન્યો હતો !

૨ કુમારપાલપ્રબંધમાં થયેલા "કોટિસિદ્ધિ (દ્ધ) પૂતકોટિશિલાદિ મનોરમે શ્રી તારણદુર્ગે" આ ઉલ્લેખથી જણાય છે કે પંદરમી સદીમાં પણ આ ટુંક 'કોટિશિલા'ના નામથી પ્રસિદ્ધ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રતિકૂળ અવસ્થાઓમાંથી છૂટવાનો અમોઘ ઉપાય.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

આપણે સારી રીતે સમજીએ છીએ કે દુઃખ યાને વિપત્તિ એ એક પરિચ્છાયા છે, જે સ્થાયી સુખની સુંદર આકૃતિ ઉપર પડે છે, તેમજ આ સંસાર એક દર્પણ સદૃશ છે જેમાં પ્રત્યેક વ્યક્તિ કેવળ પોતાનું જ પ્રતિબિંબ જુએ છે. આપણે ક્રમે ક્રમે ધૈર્ય અને દૃઢતા પૂર્વક એવાં સ્થાને પહોંચીએ છીએ કે જ્યાં આગળ નૈસર્ગિક નિયમ સારી રીતે દૃષ્ટિગત તથા બુદ્ધિગત થઇ શકે છે. નૈસર્ગિક નિયમનાં જ્ઞાનથી આપણને એ વાતનું પણ જ્ઞાન થશે કે પ્રત્યેક વસ્તુ કાર્યકારણના અવિનાભાવી સંબંધથી પરસ્પર જકડાયલી છે અને કોઇ પણ વસ્તુના સંબંધમાં એ નિયમ લાગુ ન પડતો હોય એવો સંભવ નથી. ન્હાના તેમજ મ્હોટાં સર્વ કાર્યોમાં એ નિયમ અવિરતપણે કાર્ય કરી રહેલ છે. કોઇ પણ અવસ્થા એવી નથી કે જેમાં એ નિયમનું કાર્ય એક ક્ષણભર પણ રોકી શકાય. એમ બનવું એ સર્વથા અસંભવિત છે, કારણ કે એમ બનવાથી તે નિયમનો અભાવ થઇ જશે. તેથી જીવનની પ્રત્યેક અવસ્થા નિયમબદ્ધ છે, તેમજ પ્રત્યેક અવસ્થાનું કારણ અને ભેદ તેમાંજ વિદ્યમાન છે. એ નિયમનો કોઇ ઇનકાર કરી શકતું નથી, કોઇ વિરોધ કરી શકતું નથી અને કોઇ તેનાથી બચી શકતું નથી. જે મનુષ્ય પોતાનો હાથ અગ્નિમાં નાંખે છે તે જ્યાં સુધી પોતાનો હાથ અગ્નિમાંથી બહાર ન કાઢે ત્યાં સુધી બળ્યા જ કરે છે. પ્રાર્થનાઓથી તેની અવસ્થામાં કંઇ પણ પરિવર્તન થઇ શકતું નથી. આ નિયમ માનસિક જગતમાં પણ કાર્ય કરી રહેલ છે. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મોહ, માયા એ સર્વ ભિન્ન ભિન્ન પ્રકારના અગ્નિ છે, જે નિરંતર બળ્યા કરે છે અને જે કોઇ એમાં પડે છે તે અવશ્ય બળે છે. એ માનસિક અવસ્થાઓનું નામ દુઃખ છે અને ખરી રીતે જોતાં તે નામજ યથાર્થ અને સાર્થક છે; કારણ કે અજ્ઞાનવશાત્ તે નૈસર્ગિક નિયમને બદલવા ઇચ્છે છે. તે અવસ્થાઓ મનુષ્યનાં અંતરમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે અને કોઇ કોઇ વખત રોગ, શોક, દુઃખ, નિરાશા, નિષ્ફળતા અથવા દુર્ભાગ્ય રૂપે બહાર પ્રગટ થાય છે. આથી ઉલટું પ્રેમ, પ્રીતિ, સત્યતા અને પવિત્રતા શીતલ વાયુ સમાન છે, જેનાથી આત્માને શાંતિનો અનુભવ થાય છે અને નૈસર્ગિક નિયમને અનુકૂળ હોવાથી તે સુખ, સ્વાસ્થ્ય, સફલતા, આશા અથવા સૌભાગ્ય રૂપે બહાર પ્રગટ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વિશ્વવ્યાપિ નિયમને સંપૂર્ણતઃ સમજવાથી આજ્ઞા-પાલન નામની માનસિક અવસ્થાની પ્રાપ્તિ થાય છે. જ્યારે આપણા જાણવામાં આવશે કે સંસારમાં પ્રેમ, ન્યાય અને ઐકય એ નિયમ ઉપર અવલંબી રહેલ છે, ત્યારે આપણે એ પણ જાણી શકશું કે જે જે વિપરીત અને દુઃખદાયક અવસ્થાઓ છે તે સર્વે એ નિયમનો ભંગ કરનારાં જ પરિણામ રૂપ છે. આ પ્રકારનાં જ્ઞાનથી શક્તિ અને બળની વૃદ્ધિ થાય છે તેમજ ઉત્તમ જીવન, સ્થાયી સફલતા અને અપૂર્વ આનંદની સંપ્રાપ્તિ થાય છે. જે મનુષ્ય પ્રત્યેક દશામાં સંતોષ માને છે અને સંપૂર્ણ અવસ્થાઓને પોતાની કેળવણીનું આવશ્યકીય અંગ સમજે છે, તે સર્વ પ્રકારની દુઃખદાયી અવસ્થાઓ ઉપર વિજય મેળવે છે અને તે અવસ્થાઓને એવી રીતે પોતાને આધીન કરી લે છે કે ફરી વખત તે આવશે એવી લેશ પણ આશંકા રહેતી નથી; કારણ કે નિયમબદ્ધ કાર્ય કરવાથી તે અવસ્થાઓનો સર્વથા નાશ થાય છે. જે મનુષ્ય તે નિયમને યથાર્થ રીતે સમજી શકયો હોય છે અને જે પોતાની જાતને નિયમ રૂપ બનાવી શકયો હોય છે તે જ નિયમબદ્ધ કાર્ય કરી શકે છે. આવો મનુષ્ય જે વસ્તુ ઉપર અધિકાર મેળવે છે તેના ઉપર સદાને માટે અધિકાર રાખી શકે છે; તેમજ તે જે ઇમારત બનાવે છે તે એવી બનાવે છે કે તેનો કદિપણ નાશ થતો નથી. જેમ દૃઢતા અને નિર્બલતાનાં કારણો આપણામાં વિદ્યમાન છે, તેમ સંપૂર્ણ સુખ અને દુઃખનાં કારણો પણ આપણામાં વિદ્યમાન છે. જ્યાં સુધી આપણે આપણાં પોતાનાં અંતરંગને શુદ્ધ કરતા નથી, ત્યાં સુધી કોઈ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકાતી નથી; વળી જ્યાં સુધી નિયમિત રીતે આપણે જ્ઞાનની વૃદ્ધિ કરતા નથી ત્યાં સુધી સુખ અને શાંતિની પ્રાપ્તિ નિતાંત અસંભવિત છે.

તમે ઇચ્છો છો કે તમને સારા સારા પ્રસંગો મળે, તમારૂં કાર્યક્ષેત્ર વિશાળ બની જાય, તમારી શારીરિક અવસ્થા સારી થઇ જાય અને સાથે સાથે તમે તમારાં મનમાં તમારા ભાગ્યને પણ ઉપાલંભ આપતા હશો. અત્ર જે કાંઈ કહેવામાં આવે છે તે તમારે માટે જ છે. તમે તે શબ્દોનો ધ્યાન પૂર્વક અભ્યાસ કરી તમારાં હૃદય પટ ઉપર અંકિત કરી લ્યો, કારણ કે જે કાંઇ અત્ર કહેવામાં આવે છે તે અક્ષરશઃ સત્ય છે. “ જો તમે દૃઢ પ્રતિજ્ઞા પૂર્વક તમારા પોતાનાં આંતરિક જીવનને ઉન્નત બનાવી લેશો તો તમારી બાહ્ય અવસ્થાઓ પણ તમારી ઇચ્છાનુસાર અવશ્ય ઉન્નત થશે જ, ” એ તો સુવિદિત છે કે શરૂઆતમાં એ માર્ગ તમને મુશ્કેલીભર્યો લાગશે; પરંતુ જો તમે એ માર્ગ ઉપર ચાલવાની દૃઢ પ્રતિજ્ઞા કરશો, ધૈર્ય અને દૃઢતાપૂર્વક તમારાં મનને નિયમસર કાર્ય કરતા શીખવશો, તમારી ત્રુટીઓને નિર્મૂળ કરશો અને તમારાં બળ અને આંતરિક શક્તિઓનો વિકાસ થવા દેશો તો તમારા બાહ્ય જીવનમાં જે પરિવર્તન થઈ જશે તે જોઈ તમને અત્યંત આશ્ચર્ય થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે તમે ઉપર બતાવેલ રીતે કાર્ય કરવાનો પ્રારંભ કરશો ત્યારે તમને ઘણા ઘણા સુપ્રસંગોની પ્રાપ્તિ થશે અને એ સુપ્રસંગોનો સમુચિત લાભ લેવા માટે તમારામાં શક્તિ તેમજ જ્ઞાનનો ઉદ્ભવ થશે, સાચા સુહૃદો તમારી પાસે અનામંત્રિત આવશે. તમે લોહચુંબકની માફક તમારી સાથે પ્રેમ અને સહાનુભૂતિથી વર્તનાર મનુષ્યોને તમારા પ્રતિ આકર્ષી શકશો. તદુપરાંત પુસ્તકો તથા અન્ય બાહ્ય વસ્તુઓ તમારી આવશ્યકતાનુસાર સુગમતાથી તમને મળશે.

તમે નિર્ધનતાના બંધનમાં સપડાયલા છો, તમે અસહાય અને નિરાશ્રિત છો અને તમારી હાર્દિક ઇચ્છા એવી છે કે કોઈપણરીતે તમારી એ પ્રતિકૂળ અવસ્થા સુધરે; પરંતુ તે જરાપણ સુધરતી નથી અને તમે દિવસાનુદિવસ વિપત્તિના અંધકારમાં ગ્રસિત થતા જાઓ છો. તમે તમારાં ભાગ્યને ઉપાલભ્ય ગણો છો. તમે એ પ્રતિકૂળ અવસ્થાઓને માટે તમારા ભાગ્યને, કુળને, અથવા માતપિતાને દોષિત ગણો છો, પરંતુ તેમ કરવું તદ્દન વ્યર્થ છે; કેમકે તેમ કરવામાં કશો લાભ નથી. એ પ્રમાણે કરવું બંધ કરો, કારણકે જેના ઉપર તમે દોષ મુકો છો તે તમારી પ્રતિકૂળ અવસ્થાનું કારણ નથી. તમારી પ્રતિકૂળ અવસ્થાનું કારણ તમારી પોતાની અંદર રહેલું છે અને જ્યાં કારણ છે ત્યાંજ તેનો ઉપાય રહેલો છે. તમે બીજા ઉપર દોષારોપ કરો છો તે એમ સિદ્ધ કરે છે કે તમે પ્રતિકૂળ અવસ્થામાં રહેવાને લાયક છો તેમજ એ પણ પ્રતીત થાય છે કે જે શ્રદ્ધા અને વિશ્વાસ ઉન્નતિ તેમજ ઉદ્યોગનાં મુખ્ય સાધનરૂપ છે તેનો તમારામાં અભાવ છે. જે જગતની પ્રત્યેક વસ્તુનો વ્યવહાર નિયમાનુસાર છે તેમાં કોઈપણ પ્રકારનો દોષ હોઇ શકે નહિ. જો કોઇ માણસ સ્વતઃ દુઃખ અને ચિંતા વ્હોરી લે છે અને વ્યર્થ રહીડાયા કરતો હોય છે તો માનવું કે તે સ્વયં આત્મઘાત કરે છે. તમે તમારી પોતાની માનસિક અવસ્થાને લઇને તમારાં બંધનને વધારે મજબૂત બનાવો છો. અને અજ્ઞાનાંધકારમાં ફસાયલા રહો છો. તમે તમારો જીવનમાર્ગ બદલી નાખો. પછી તમારૂં બાહ્ય જીવન પણ સ્વયમેવ બદલાઈ જશે. તમે તમારા પોતામાં જ્ઞાન અને વિશ્વાસ પેદા કરો અને તમારી જાતને ઉત્તમોત્તમ પ્રસંગો તેમજ ઉત્કૃષ્ટ વસ્તુઓ માટે લાયક બનાવો. સૌથી પહેલું લક્ષમાં રાખો કે તમારી પાસે જે કાંઈ છે તેનો અને તેટલો સદુપયોગ કરો અને કદાપિ એમ ન ધારો કે તમે ન્હાનાં ન્હાનાં કાર્યોનો વિચાર કર્યા વગર મોટાં મોટાં કાર્યો કરી શકશો, કારણકે જો તમે એમ કરશો, અર્થાત્ ન્હાનાં ન્હાનાં કાર્યોની દરકાર કર્યા વગર મોટાં મોટાં કાર્યો હાથમાં લેશો તો તમને કોઈપણ પ્રકારનો સ્થાયી લાભ થશે નહિ અને સંભવિત છે કે તે માટે તમારે તમારા સ્થાનથી પાછા હઠી જવારૂપ શિક્ષા ભોગવવી પડે. જેવી રીતે નિશાળમાં વિદ્યાર્થીને પહેલા વર્ગમાં પસાર થયા વગર બીજા વર્ગમાં ચઢાવી શકાતો નથી, તેવી રીતે પહેલાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારી પાસે જે કાંઇ રહેલું છે તેને સારી રીતે ઉપયોગમાં લ્યો, તેનાથી યથેષ્ટ લાભ મેળવો અને ક્રમે ક્રમે તમને અધિક લાભની પ્રાપ્તિ થશે. એક ગૃહસ્થે એક વખત પોતાના એક નોકરને પાંચ રૂપિયા આપ્યા, બીજાને બે રૂપિયા આપ્યા અને ત્રીજાને એક રૂપિયો આપ્યો. એમાંથી પહેલા અને બીજા નોકરે વિશેષ મહેનત કરીને બમણા રૂપિયા કર્યા, પરંતુ ત્રીજા નોકરે પોતાને મળેલ રૂપિયાનો કાંઇ પણ લાભ મેળવ્યો નહિ. તે ગૃહસ્થને એ વાતની ખબર પડી ત્યારે તે નોકર ઉપર ઘણો નારાજ થયો અને તેણે તેની પાસેથી એ રૂપિયો છીનવી લઇ પહેલા નોકરને આપી દીધો. આ ઉદાહરણથી સ્પષ્ટ સમજી શકાય છે કે આપણી પાસે જે કાંઇ થોડું ઘણું હોય છે તેનો સદુપયોગ કરી લાભ મેળવવો જોઇએ અને તેને યથાસંભવ સારાં કાર્યમાં લગાડવું જોઇએ. જો આપણે એ પ્રમાણે કરશું નહિ તો તેનું પરિણામ એ આવશે કે આપણી પાસે જે કાંઇ હોય છે તે પણ ચાલ્યું જશે; કારણકે આપણે આપણા વ્યવહારથીજ સિદ્ધ કરી આપીએ છીએ કે આપણે તેને માટે લાયકાત ધરાવતા નથી. તેથી પ્રત્યેક મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે જે કાંઇ પોતાની પાસે હોય અને જેવી પોતાની અવસ્થા હોય તેનાથી સંતોષ રાખી ક્રમશઃ પોતાની ઉન્નતિ સાધવી જોઇએ.ધારોકે તમે એક નાની ઝુંપડીમાં રહો છો અને ત્યાં એવાં કારણો વિદ્યમાન છે કે જે તમારા સ્વાસ્થ્યને હાનિકર્તા થઇ પડે છે. એવી અવસ્થામાં તમને સારા વિશાળ મકાનમાં નિવાસ કરવાની ઇચ્છા થતી હોય તો તમારે એટલુંજ કરવું જરૂરનું છે કે તમારે તે ઝુંપડીનેજ એક ન્હાનું સ્વર્ગીય ભુવન બનાવવા યત્ન કરવો જોઇએ. તમારી ઝુંપડીને એવી સાફ અને સ્વચ્છ રાખો કે ત્યાં જરાપણ મલીનતા જોવામાં ન આવે. તેને તમારાથી બની શકે તેટલી સુંદર અને રમણીય બનાવવા ખંતથી યત્ન આદરો. જે કાંઇ કાર્ય કરો તે અત્યંત સાવધાનતાથી કરો. ભોજનશાળાને સ્વચ્છ અને સુંદર બનાવો. તેની અંદર વિવિધ મિષ્ટાન્નને બદલે સાદો ખોરાક તૈયાર થતો હોય તો તેની ચિંતા ન કરો; પરંતુ જે કાંઇ બનાવો તે સ્વાદપૂર્ણ બનાવો. તમારી ઝુંપડીમાં તમે સુંદર ગૃહોપસ્કર ગોઠવી ન શકો તો તેની ચિંતા નહિ; પરંતુ તેને હર્ષ, આનંદ અને સ્વાગતરૂપી ઉપસ્કરથી શોભાયમાન બનાવવા યત્ન કરો અને તેને પ્રેમયુક્ત શબ્દોના ખીલાથી સંતોષ અને દૃઢતારૂપી હથોડાવડે મજબુત જડી દો. અર્થાત્ તે ઝુંપડીમાં સૌ કોઇ હર્ષ અને આનંદથી જીવન વ્યતીત કરી શકે, પરસ્પર પ્રેમપૂર્વક વ્યવહાર કરી શકે અને ધૈર્ય તથા સંતોષ ધારણ કરી શકે એવું ત્યાંનું વાતાવરણ બનાવો. આ પ્રકારનું ગૃહોપસ્કર કદિપણ બગડવા અથવા ઘસાવા પામશે નહિ.

આ રીતે આસપાસની વસ્તુઓની કદર કરવાથી તમારી અવસ્થાઓ સુધરવા લાગશે તેમજ કોઇ સુપ્રસંગ મળવાથી તમે સારૂં ગૃહ તથા સારી વસ્તુઓ પ્રાપ્ત કરશો. જો તમે એમ ઇચ્છતા હો કે તમને વિચાર કરવા માટે અને કામ કરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અધિક સમય મળે તો ઠીક, અથવા એમ ધારતા હો કે તમારે ઘણા સમય સુધી સખ્ત કામ કરવું પડે છે, તો તમારે એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે જે કાંઇ અલ્પ સમય તમને મળે છે તેનો તમે પુરેપુરો લાભ લઈ શકો છો કે નહિ ? તમે તે અલ્પ સમય પણ વ્યર્થ ગુમાવતા હશો તો તમે અધિક સમયને માટે ઈચ્છા રાખો તે નિરર્થક છે, કારણકે તમે તેનાથી અધિક આળસુ અને અસાવધાન બની જશો.

નિર્ધનતા અને અવકાશના અભાવને તમે આપત્તિરૂપ માનો છો તે તમારી ભૂલ છે. તે આપત્તિરૂપ નથી; છતાં જો તે તમારી આત્મોન્નતિ સાધવામાં બાધક બને તો તેમાં તમારો પોતાનોજ દોષ છે. તમારી અમુક પ્રકારની નિર્બળતાને લઇને તે બાધાકારક બની ગયેલ છે. જે દોષનું તમે તેનામાં આરોપણ કરો છો તે વસ્તુતઃ તમારામાં જ છે. તમે પોતે જ તમારાં ભાગ્યના નિર્માતા છો, એ વાતને બરોબર સમજવા યત્ન કરો. જેવા કાર્યમાં તમે તમારા મનને રોકશો તેવું તમારૂં ભાગ્ય ઘડાશે અને જેમ જેમ એ વાતને સમજવા તથા અનુભવવા લાગશો તેમ તેમ તમારૂં દુઃખ સુખરૂપ બનવા લાગશે અને પ્રતિકૂળતા અનુકૂળતાના રૂપમાં બદલાવા લાગશે. બીજા શબ્દોમાં કહીએ તો જેને તમે દુઃખ અને વિપત્તિનું કારણ માનો છો, તે સુખ અને આનંદનું કારણ બની જશે. તે સમયે તમને તમારી નિર્ધનતાથી આશા, સાહસ અને સંતોષની પ્રાપ્તિ થશે અને અવકાશના અભાવને લઇને કામ કરવાના પ્રસંગને હાથમાંથી જવા ન દેવાની બુદ્ધિ તમારામાં જાગૃત થશે. જેવી રીતે સૌથી મલીન ભૂમિમાં સુંદર સુગંધિત પુષ્પો ઉત્પન્ન થાય છે, તેવી રીતે નિર્ધનતાની અંધકારમય ભૂમિમાં દયાલુતાના અનુપમ અને મનોહર પુષ્પો ખીલી નીકળશે. જ્યાં આપત્તિઓની સામે થવું પડે છે અને પ્રતિકૂળ અવસ્થાઓને પરાજીત કરવામાં આવે છે, ત્યાં આગળ ભલમનસાઇ અને એકનિષ્ઠા પ્રકટ થઇ પોતાના ગુણનું ભાન કરાવે છે.

તમે કોઇ દુષ્ટ અને નિર્દય શેઠના નોકર હો જે તમારી સાથે અસદ્ વ્યવહાર કરતો હોય; તો પણ તમારે એ વાત તમારાં ભલાં માટે આવશ્યક સમજવી જોઇએ, તમારો શેઠ તમારી સાથે અસહ્ય વ્યવહાર કરે, તોપણ તમારે તેની સાથે અત્યંત સભ્યતાપૂર્વક વર્તવું જોઇએ. હમેશાં સંતોષ અને ઇન્દ્રિયનિગ્રહની ટેવ પાડો. જે નુકશાન તમને પહોંચ્યું હોય તેનાથી માનસિક અને આત્મિક શક્તિ પ્રાપ્ત કરવાનો મહાન લાભ મેળવો. આ પ્રમાણે વર્તવાથી તમે એક આદર્શરૂપ બની જશો અને તમારા શેઠ ઉપર તમારો પ્રભાવ પડવા લાગશે. તે પોતાના અસદ્ વ્યવહારથી લજ્જિત બનશે, અને તે સાથે તમારામાં એવું ઉચ્ચ કોટિનું આત્મિક બળ વધી જશે કે જેને લઇને તમારા મનમાં સારાં વિચારો ઉત્પન્ન થશે. તમે દાસ છો એવો ભૂલમાં પણ ખ્યાલ ન કરો, પરંતુ સચ્ચારિત્ર અને સદ્વ્યવહારથી તમારામાં ઉચ્ચ વિચારો ઉત્પન્ન કરો. બીજાના દાસ હોવાનો ખ્યાલ કર્યા પહેલાં તમે વિચાર કરો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે પોતે તમારી કુવાસનાઓના દાસ છો કે નહિ ? અંતરમાં ઉંડા ઉતરી ખુબ વિચાર કરો અને તમારા પોતાના દોષો શોધી કાઢવામાં લેશ પણ સંકોચ ન કરો. કઠોર હૃદય બનીને તમારા દોષો તપાસો. સંભવ છે કે તમને તમારી અંદર નીચ અને કુત્સિત વિચારો માલુમ પડે અથવા તમને હમેશનાં જીવન અને વ્યવહારમાં ખરાબ ટેવો પડી ગઇ હોય. એવા નીચ વિચારો અને ખરાબ ટેવોને તિલાંજલી આપો. ઇન્દ્રિયોનું દાસત્વ ન સ્વીકારો. પછી તમે કોઈ પણ માણસનું દાસત્વ કરી શકશો નહિ. જ્યાં સુધી તમે તમારા પોતાના દાસ બની રહ્યા છો ત્યાં સુધી તમે બીજાના દાસ છો. તમે ઇન્દ્રિયોને તમારે વશ કરી લેશો એટલે તમારી સઘળી પ્રતિકૂળ અવસ્થાઓ અદૃશ્ય થશે અને સઘળી કઠિનતાઓ દૂર થઇ જશે.

કોઇ પણ વખત એવી ફરિયાદ ન કરો કે ધનવાન લોકો તમને દુઃખ દે છે. શું તમને એવો સંપૂર્ણ વિશ્વાસ છે કે જો તમારી પાસે દ્રવ્ય હોય તો તમે કોઇને પણ દુઃખ ન આપત ? નિરંતર સ્મરણમાં રાખો કે જગત્‌નો એવો અવિચ્છેદ્ય નિયમ છે કે જે કોઇ આજે કોઇને દુઃખ દે છે તે કાલે અવશ્ય દુઃખ પામશે જ. ગરીબ અને તવંગર સર્વની બાબતમાં આ નિયમ લાગુ પડે છે. એ પણ સંભવિત છે કે તમે પૂર્વ જન્મમાં ધનાઢ્ય હશો અને બીજા લોકોને દુઃખ આપ્યું હશે, જેનું ફળ આ જન્મમાં ભોગવો છો. આથી વિશ્વાસ અને દૃઢતા પૂર્વક અભ્યાસ કરો. હમેશાં સ્મરણમાં રાખો કે જે કાંઇ બને છે તે કર્માનુસાર જ બને છે. મનુષ્ય જેવાં કાર્યો કરે છે તેવું ફળ પામે છે. કોઇ કોઇને સુખ વા દુઃખ આપતું નથી. મનુષ્ય પોતે જ પોતાનાં સુખ દુઃખનો કર્તા છે. જેવા એના વિચારો હોય છે, તેવીજ તેની બાહ્યાવસ્થા પણ હોય છે. તેથી મનુષ્યમાત્રે પોતાના આંતરિક દોષો શોધી કાઢવા સખ્ત પ્રયાસ કરવો જોઇએ. આ વિષયમાં ઉદાસીનતા ધારણ કરવાથી આત્માને જેટલી હાની થાય છે તેટલી સંસારમાં અન્ય કોઇ પણ વસ્તુથી થતી નથી. જે લોકો પોતાના દોષો શોધી કાઢવામાં બેદરકાર રહે છે તેઓ પોતાના આત્માને દિવસાનુદિવસ અવનત અને પતિત દશાએ પહોંચાડે છે. તેથી જે રીતે બની શકે તે રીતે પ્રત્યેક મનુષ્યે પોતાના દોષોનું અન્વેષણ કરવા યત્નશીલ બનવું જોઇએ. નિરંતર ધ્યાનમાં રાખો કે તમારા વિચારો તથા કાર્યો વિશુદ્ધ, પવિત્ર અને નિર્દોષ હોવા જોઈએ. જો એવા ન હોય તો કદાપિ તેની પ્રશંસા ન કરો. એમ કરવાથી તમારી એકનિષ્ઠા અને ભલમનસાઇની છાપ મજબૂત પડશે અને તમને સુખની સામગ્રી ઉચિત સમયે સ્વતઃ પ્રાપ્ત થશે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન દૃષ્ટિએ લો૦ મા૦ તિલક.

લો૦ મા૦ તિલકની દેશસેવાથી કોણ અજાણ્યું છે ? એમના અવસાને હિંદને શોકજનક સ્થિતિમાં મૂક્યું છે. એમનું પૂરેપુરૂં વિશાળ સ્વરૂપ સમજવા માટે અત્યંત દીર્ઘદૃષ્ટિની આવશ્યકતા છે. માત્ર હિંદીઓનાં હૃદયજ એ ખોટ યથાર્થ અનુભવે છે; અને કોઇક ભાગ્યા તૂટ્યા શબ્દોમાંજ પોતાની લાગણી પ્રકટ કરી શકે છે.

એકવીશમે વર્ષે ગ્રેજ્યુએટ; ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ અને ફર્ગ્યુસન કૉલેજના સંસ્થાપક, ધારાસભાના ભૂતપૂર્વ સભાસદ, મરાઠા અને કેસરી પત્રના પચ્ચીશમે વર્ષે તંત્રી, સ્વદેશ સેવાની ખાતર માંડલેના એક કેદી, છ વર્ષની કેદ ભોગવ્યા છતાં રાજકીય પ્રવૃત્તિમાં ચાલુ રાખેલો અવિરત પ્રયત્ન, હિંદીઓને રાજતંત્રની નીતિ સર્વાંગે સમજાવીને ઘડી આપનાર, લોકમાન્યપણું સર્વવ્યાપક હોવા છતાં સાદું જીવન, નિરભિમાનતા અને નીડરતાથી સંયુક્ત અને કોંગ્રેસના સંચાલક, વિગેરે વિગેરેઃ—

આવી ભરચક જીંદગીનું અવલોકન એક દૃષ્ટિપાતમાં કોણ કરી શકે ? એમાં પ્રકટ થયેલા વિરલ ગુણો એમાં દર્શાવેલા સમર્થ વિચારો, અને એમાં કરેલી મહાન સ્વદેશ સેવાની કાંઈક ઝાંખી કરવા પુરતુંજ આપણી બુદ્ધિ કામ કરી શકે.

તેમની જે જે બાહ્ય પ્રવૃત્તિઓ જનસમૂહમાં જોવામાં આવી છે તે તે બાહ્ય પ્રવૃત્તિઓ તેમના અંતરંગ વિચારને અનુકુળ હોઈ પ્રશસ્ય અને પૂજાવાને યોગ્ય ગણાઈ છે. જૈન દૃષ્ટિ પણ વિચાર અને વર્તનને સુવર્ણ અને સુગંધના દૃષ્ટાંતવડે વખાણે છે. તેથીજ જૈન દર્શનમાં શ્રદ્ધા અને ચારિત્ર ઉપર પ્રત્યેક વ્યક્તિ પરત્વે ખાસ વજન આપવામાં આવ્યું છે. જ્યારે પ્રાકૃત મનુષ્યો મનુષ્યની બાહ્ય સેવાની કદર કરતા હોય છે ત્યારે જૈન દૃષ્ટિ કે જે હમેશાં ગુણોનેજ પૂજતી આવી છે, અને અંતરંગ ગુણોને મુખ્ય સન્માન આપતી આવી છે તે દૃષ્ટિએ લો૦ મા૦ તિલકનું જીવન કેટલું ઉન્નત હતું તે જરા તપાસીએ.

સંસ્કૃત ભાષાના તથા વેદાંતાદિ ધાર્મિક ગ્રંથોના અભ્યાસી તરીકે સમર્થ વિદ્વાન્ છતાં પોતાની શક્તિનો ઉપયોગ મોટે ભાગે રાજકીય ક્ષેત્રની પ્રવૃત્તિમાં એમણે જીવનભર કર્યો છે એમ કહેવામાં આપણે જરા પણ ભુલતા નથી. રાજકીય ક્ષેત્રની પ્રવૃત્તિનો હેતુ પ્રજાને સ્વરાજ્યના જન્મ સિદ્ધ હક્કની પ્રાપ્તિ કરાવવા રૂપ એમના હૃદયમાં જ્વલંત હતો. જૈન દૃષ્ટિએ મનુષ્યના અનેક વ્યાપક ગુણોમાંનો એ એક ગુણ છે. કેમકે સ્વદેશ સેવામાં દુઃખી મનુષ્યોનો ઉદ્ધાર કરવો એ મહાન્ સૂત્ર ગુપ્તપણે અંતર્ગત થયેલું છે. એમનું હૃદય સરકાર તરફ કેવું હતું એ જ્ઞાનીગમ્ય હકી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કત હોઇ આપણા બુદ્ધિના વિષયની બહાર છે. પરંતુ એમણે લખેલા એક મિત્ર તરફના પત્રમાં પારદર્શક રીતે દેખાઇ આવે છે કે સરકાર તરફ એમનું વલણ દ્વેષ કે તિરસ્કારવાળું નહોતું પરંતુ વફાદાર રહી દૃઢતાથી હિંદના લોકોને સ્વરાજ્ય પ્રાપ્ત કરાવી આપવા તરફ અને તે ખાતર સરકાર તરફથી પોતાના અંગે થતી પ્રત્યેક પ્રકારની અવગણના સહન કરી લેવા તરફ હતું અને અથાગ આત્મબળવડે પોતાની ધારેલી મુરાદ બર ન આવે ત્યાં સુધી અશ્રાંત શ્રમમાંથી પાછા હઠવાની પોતાની વૃત્તિને પૂર્વ જન્મના સંસ્કારોથી નાબુદ કરેલી હતી. **"विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमजना न परित्यजंति"** એ નીતિ વાકયને યથાર્થ રીતે પોતાના આત્મ ગુણો સાથે વણી દીધું હતું.

માંડલેમાં જ્યારે રાજપ્રતિનિધિ તરફથી પરહેજ કરવામાં આવ્યા ત્યારે તેમના અગાધ આત્મબળે પામરતા નહીં સ્વીકારતાં ત્યાં ભગવદ્ ગીતાનું રહસ્ય લખવું શરૂ કર્યું. અને પૂર્વ પશ્ચિમના વિદ્વાનોના વિચારોનું સમ્મેલન કરી–પશ્ચિમના જડવાદને આર્યાવર્તના અધ્યાત્મવાદ સાથે વિરોધી ઠરાવી. પોતાની વિદ્વત્તાનો પરિચય જ્યારે તેઓ કેદમાંથી છુટ્યા ત્યારે લગભગ નવસો પાનાનું સુંદર સાહિત્ય જનસમાજ સમક્ષ પ્રકટ કરી યથાર્થ રીતે બતાવી આપ્યો છે.

ભગવદ્ગીતામાં એમણે કર્મયોગ સિદ્ધ કર્યો છે અને:—

**"तस्मादसक्तः सततं कार्यं समाचर**
**असक्तोह्याचरन् कर्म परमाप्नोति पूरुषः।"**

અર્થાત્—"તેટલા માટે હે મનુષ્ય! આસક્તિ રહિતપણે પુરૂષાર્થ કર! તેથી જ તું પરમપદની પ્રાપ્તિ કરી શકીશ."

—એ સૂત્રને હૃદયમાં સતત ધારણ કરી પોતાનું જીવન કર્મયોગમાં વીતાવ્યું છે. એ કર્મયોગ સાથે જૈનદૃષ્ટિને શું સંબંધ છે, અથવા એમના કર્મયોગ સાથેના વિચારો જૈન દર્શનને તદન સાનુકૂળ છે કે કેમ? એ હકીકતની વિગતમાં અમો અહીં ઉતરવા માગતા નથી. પરંતુ ગીતા રહસ્યમાં કોઇ કોઇ સ્થાને એમણે જૈન દર્શન ઉપર એવા વિચારો દર્શાવેલ છે કે "જૈન ધર્મની પેઠે બૌદ્ધ ધર્મ પણ વૈદિક ધર્મ રૂપ પોતાના પિતા પાસેથી જોઇએ તેટલો મીલકતનો હિસ્સો લઈ કોઈ કારણને લીધે જુદા નીકળેલા પુત્રસ્થાને છે."—એમના જેવા વિદ્વાનને જૈન દર્શનની સૂક્ષ્મ હકીકતો જાણવાના અભાવે અપૂર્ણ માહીતીવાળી સ્થિતિમાં તેમ લખવું પડયું હશે; જેથી દિલગીરી દર્શાવ્યા વગર ચાલતું નથી કે લગભગ ત્રણ વર્ષ પુર્ણ થયાં ગુર્જર ભાષામાં ગીતા રહસ્ય ભાષાંતર થઇને બહાર પડયું છતાં જૈન દર્શનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ ખાસ અભ્યાસીએ જૈન દર્શન તરફનો આ આક્ષેપ દલીલ પૂર્વક સમૂળ નિવારણ કરવાનો અલ્પ પ્રયાસ પણ તેમના કર્ણગોચર કર્યો નથી.

જૈન દૃષ્ટિ ડિંડિંમ વગાડીને કહે છે તેમ આપણે ગુણાધિક મનુષ્યો તરફ પ્રેમ રાખતાં રાખતાં તે તે ગુણો ભવિષ્યમાં પ્રાપ્ત કરવાના અધિકારી થઇએ છીએ અને જે કાંઇ તે ગુણોનું અનુકરણ થઇ શકે અને આપણો આત્મા જેટલે અંશે ઝીલી શકે તે યથાશક્તિ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો એ આપણું કર્તવ્ય છે.

જૈન દૃષ્ટિએ મૈત્રી પ્રમોદ અને કારૂણ્ય ભાવનાના અંશો લો૦ મા૦ તિલકમાં સંઘઠિત હતાં એમ એમના આખા જીવન ઉપરથી જોઇ શકાય છે. એમનું હૃદય ઉત્તમ અને પારદર્શી હતું. એમના હૃદયનો વેગ વિનીત પક્ષ ( moderate ) ની દૃષ્ટિએ હદ ઉપરાંત સાહસિક હતો. પરંતુ એમના હૃદયની શુદ્ધતા અને લોકોનો મોટો ભાગ એમને દેવ તરીકે માનતો છતાં પરિપૂર્ણ સાદાઇ હતી એ નિર્વિવાદ છે.

એમના જવાથી હિંદુસ્થાન વિષમ સ્થિતિમાં આવી પડયું છે તો પણ કુદરતની શુભકારી ઇચ્છા ઉપર શ્રદ્ધા રાખી મનુષ્યો પોતાના જીવનમાં એમના સદ્ગુણો પ્રકટાવશે; તો એ મહાપુરૂષ મૃત્યુ પામ્યા છતાં અમર છે એમ પ્રત્યેક હૃદયને આશ્વાસન મળશે.

ફત્તેહચંદ ઝવેરભાઇ.

## તત્વજિજ્ઞાસુ સજ્જનો પ્રત્યે પર્યુષણ પ્રસંગે બે બોલ.

લે૦—મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

**વ્હાલા વીર બંધુઓ તથા બ્હેનો !**

આપણે પ્રતિવર્ષ પર્યુષણ પ્રસંગે ભારે ઉત્સાહથી મોટા સમુદાયથી સહેજે એકઠા મળી સુગુરૂનો જોગ હોય તો તેમની સમીપે કલ્પસૂત્ર જેવા પવિત્ર આગમના અર્થનું શ્રવણ કરીએ છીએ, જેમાં આપણા અતિ આસન્નોપકારી ભગવાનશ્રી મહાવીર પ્રભુના સવિસ્તર ચરિત્રનો સમાવેશ થાય છે. એ પ્રભુના અતિ બોધદાયક અદ્ભૂત ચરિત્રમાંથી આપણે ધારીએ તો ઘણું એક ગ્રહણ કરી શકીએ અને તેની જરૂર પણ ઘણી છે. કલ્પસૂત્ર જેવા પવિત્ર શાસ્ત્ર દ્વારા ભગવાન મહાવીરપ્રભુનું પવિત્ર ચરિત્ર સાંભળનાર તેના અનુયાયી સાધુ-સાધ્વીઓ તથા શ્રાવક શ્રાવિકાઓ જો તેને અંતરમાં ઉતારે તો તેઓ પોતે કેટલા બધા પૂજ્ય-પવિત્ર બનવા પામે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ રૂઢિની ખાતર વાંચવા કે સાંભળવા કે સાંભળવા માત્રથી નહિ પણ સ્વ કર્તવ્ય ધર્મ તરીકે વિનય બહુમાન પૂર્વક તે પવિત્ર શાસ્ત્ર વાંચવા કે સાંભળવા પૂર્ણ લક્ષ રખાય તોજ ઉત્તમ પરિણામ આવી શકે. આટલા આટલા વર્ષો થયાં પ્રતિવર્ષ પ્રભુનું પવિત્ર ચરિત્ર વાંચવાનો તથા સાંભળવાનો સતત અભ્યાસ છતાં પણ આપણું હૃદય દ્રવતું કેમ નથી ? તે વસ્તુ આપણને બરાબર પરિણમવા પામે તો હૃદય જરૂર દ્રવવું જ જોઇએ. પ્રભુએ માતાના ગર્ભમાં રહ્યા છતાં માતા ઉપર અનુકંપા કહો કે ભકિત ભાવથી યથોચિત આચરણ કરી આપણને આપણા માતપિતાદિક વડીલજનો પ્રત્યે પૂર્ણ ભકિતભાવથી સમયોચિત આચરણ આચરવા સૂચવ્યું છતાં તેની કશી દરકાર કરાય છે ? માતપિતાદિક પૂજ્ય જનોની આંતરડી દુહવીને ધર્મ-નિતિ વિરૂદ્ધ સ્વેચ્છાએ ચાલનારા કયારે પણ કર્તવ્ય ધર્મથી વંચિત રહીને સુખી થઈ શકે ખરા ? નહીંજ; આવી અનેક ઉપયોગી બાબતો સંબંધી બારીક બોધ એ પવિત્ર શાસ્ત્ર યથાવિધિ સાંભળી તેનો સાર ગ્રહી લેવાના ખપી ભાઇ બ્હેનો મેળવી પ્રમાદ રહિત પોત પોતાનું વર્તન સુધારવાથી ધર્મના અધિકારી બની ઉભય લોકમાં અવશ્ય સુખી થવા પામેજ; આ કાળના જીવોને વક્ર જડ તરીકે ઓળખાવ્યા છે તેથી તેમને શુદ્ધ માર્ગનો યથાર્થ બોધ થવો અને પરિણમવો દુર્લભ અને માયા પ્રપંચ મૂકી શુદ્ધ મન વચન કાયાથી તેનો યથાર્થ અમલ કરવો તેમજ તે વળી અત્યંત દુર્લભ છે. તેમ છતાં તેઓ પણ દ્રઢ અભ્યાસ અને વૈરાગ્યના બળથી દોષ સમુદાયનો હ્રાસ ( ઓછાશ ) કરી પાત્રતા મેળવી પવિત્ર ધર્મરત્નના અધિકારી બનીને અવશ્ય સુખી થઇ શકે છે. આપણ સહુને પણ ઉચિત છે કે આપણામાં જડ ઘાલીને રહેલા દ્વેષ-ક્ષુદ્રતાદિક દુષ્ટ દોષોને દુર કરવા અને ક્ષમા-સમતા ગંભીરતાદિક સદ્ગુણો પ્રાપ્ત કરવા પૂર્ણ કાળજી રાખતા રહેવું. ન્યાય-નીતિ પ્રમાણિકતાને તો ધર્મની દરકાર કરનારે અવશ્ય આદરવાની જરૂર છે. એનાથી વેગળા રહી ધર્મને પામવા ઇચ્છવું એ વંધ્યાને પુત્રની પ્રાપ્તિ કરવા ઇચ્છવા જેવું અશકય છે. ખરા ધર્મની પ્રાપ્તિ ત્યારેજ થઇ શકે કે જ્યારે આપણે સત્યની ખાતર પ્રાણાર્પણ કરવા તત્પર થઇએ. પ્રાણાન્તે પણ ન્યાય નીતિને ન તજીએ. વળી સહુને આપણા પ્રાણ આત્મા સમાન લેખીએ. પરને દુઃખી દેખી તેનું દુઃખ દુર કરવા યથાશકિત પ્રયત્ન કરીએ અને સુખી તથા સદ્ગુણી જાણી દેખી દીલમાં રાજી થઇ તેવા સદ્ગુણી બનવા ઉચિત આચરણ દ્રઢતાથી કરીએ અને ગમે તેવા નીચ કાર્ય કરનાર પ્રત્યે પણ દ્વેષ લાવ્યા વગર તેને સુધારવાનું બની શકે તો કરૂણા લાવી તેમ કરીએ. છતાં તે સુધરી નજ શકે એમ જણાય તો પણ શકય હિત કાર્ય કરતા સાવધાન રહીએ તોજ આપણે સર્વજ્ઞોકત ધર્મરત્નની રક્ષા કરી તેની સાર્થકતા કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકીએ. ક્રોધ-માન-માયા-લોભ કષાય રહિત નિર્દોષ સ્ફટિકરત્ન સમાન નિર્મળ આત્માનો ધર્મ છે તે રાગ-દ્વેષ મળથી મલીન થાય છે, રાગ દ્વેષની ચિકાશથીજ કર્મ બંધ થાય છે અને તેથીજ જન્મમરણ વડે સંસારભ્રમણ થાય છે. તે અનંતા દુખ-માંથી બચવા રાગદ્વેષાદિક દોષોથી દૂર રહેવું જોઇએ એટલે કે જે જે નિમિત્તોથી રાગ દ્વેષ વધે તે તે નિમિત્તો તજવાં અને જે જે નિમિત્તોથી રાગદ્વેષાદિક ઘટે તે તે નિમિત્તોનું સેવન કરવા લક્ષ બાંધવું. જ્યાં સુધી પરાયા દોષજ જોવાની, જાણવાની કે ગાવાની કુટેવ દૂર કરી ન શકાય ત્યાં સુધી આપણામાં દોષનોજ વધારો થવાનો. દોષનો ઘટાડો તથા ગુણનો વધારો ત્યારેજ થઇ શકે કે જ્યારે દોષદ્રષ્ટિ તજી ગુણ ગ્રહણ કરતાંજ શીખીએ-પરનિંદાનો ઢાળ તજીએ અને ગુણ-ગુણીની પ્રશંસા-અનુમોદના કરી તેનો યથાયોગ્ય આદર કરતા રહીએ. આપણામાં ગુણનો ગંધ સરખો ન હોય છતાં ખોટી ફુલ મારીએ અને સામામાં અનેક સદ્દગુણો હોય છતાં તેને વખાણવાને બદલે ઉલટા કવખોડીએ. આવાં અપલક્ષણથીજ આપણી અધોગતિ (પડતી) થઇ રહી છે. તેમાંથી બચવુંજ હોય તો તે અપલક્ષણ તજવાંજ જોઇએ. નવરા નિકમ્મી નબળાં માણસોને પરનિંદા કરવી વધારે ગમે છે, જેથી પરિણામે તેઓ બહુ દુઃખી થાય છે. સજ્જનો સદા ચેતતા રહીને સુખી થાય છે. સજ્જનો ચંદન જેવા શીતળ પ્રકૃતિનાં હોઇ સ્વપરને હિતરૂપ થાય છે, પવિત્ર વિચાર વાણી અને આચરણ યોગે તેઓ અનેક જનોને ઉપકારક થઇ શકે છે, અલૌકિક ક્ષમા, મૃદુતા, નમ્રતા સરલતા, નિર્લોભતા, જિતેન્દ્રિયતા, દયાલુતા, સત્યતા, પ્રમાણિકતા, નિસ્પૃહતા નિર્લેપતા અને સુશીલતાદિક સદ્દગુણો વડે તેઓ સારી આલમને ઉપકારી બને છે. દુર્ગુણ માત્ર તેમનાથી દૂર રહે છે, જ્યારે સદ્દગુણો તેમનામાં સહેજે આવી વસે છે. તેઓ દેવતાઓને પણ વ્હાલા લાગે તેમ છે. તેમના સદ્દગુણો સહુ કોઇને આકર્ષી લે છે. તેમ છતાં તેઓ સ્વાશ્રયીપણે આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા, આત્મરમણ અને આત્મવીર્યમાંજ વૃત્તિ સ્થાપી રાખનારા હોય છે. તેમના અલૌકિક પ્રભાવથી કઇંક ભવ્યાત્માઓ સન્માર્ગને આદરી સુખી થાય છે. કલિકાલમાં પણ અપૂર્વ શીતળતા ઉપજાવનારા આવા સત્પુરૂષો હોય છે. તેમનું શરણ આપણને હો ! જેથી આપણે પણ સદ્દગુણી અને સદ્દગુણાનુરાગી બની ઉભય લોકમાં સુખી થઇએ.

ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રૂા. ૨૦૧ નું ઇનામ.

સર્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ભાઇઓને તથા બ્હેનોને ખબર આપવામાં આવે છે કે શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક ઇનામી પરીક્ષાની સંસ્થા તરફથી છ કર્મગ્રંથ, પંચસંગ્રહ અને કમ્મપયડીની સૂક્ષ્મ વિચાર સાથેની પરીક્ષા તા. ૩જી ઓકટોબર ૧૯૨૦ સંવત્ ૧૯૭૬ના ભાદરવા વદિ ૬ રવિવારના રોજ અમદાવાદ ડોશીવાડાની પોળમાં વિદ્યાશાળાના મકાનમાં દિવસના બાર વાગતાં લેવામાં આવશે. આ પરીક્ષામાં પહેલે નંબરે પાસ થનારને શ્રી તત્ત્વવિવેચક સભા તરફથી રૂ. ૨૦૧) નું ઇનામ આપવામાં આવશે. જેઓ આ પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેઓએ તા. ૬ ઠી સપ્ટેમ્બર ૧૯૨૦ સંવત ૧૯૭૬ ના બીજા શ્રાવણ વદિ ૮ ની સાંજ સુધીમાં નીચેના સરનામે પહોંચે તે પ્રમાણે પોતાનું નામ, જ્ઞાતિ, ઉમ્મર, ધંધો અને રહેવાનું ઠેકાણું લખી અરજી મોકલી આપવી. આ તારીખ પછી કોઇની અરજી લેવામાં આવશે નહિ.

ડોશીવાડાની પોળ, અમદાવાદ. } ઝવેરી ભોગીલાલ તારાચંદ.
સેક્રેટરી શ્રી રા. જૈન શ્વે. મૂ. ધા. પરીક્ષા.

---

# જીવન—સુધારણાના સન્માર્ગો.

## પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખનો સંગ્રહ

## પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શક્તિ પ્રેરનાર તેમજ માનસિક શક્તિઓનો અજબ વિકાસ કરનાર ઉમદા સદ્દવિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિં. રૂા. ૧ાા

મળવાનાં ઠેકાણાં:—

( ૧ ) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.
( ૨ ) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ.

---

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ—

તરફથી લેવાતી "ધાર્મિક હરિફાઇની બંને પરિક્ષાઓના" અભ્યાસ ક્રમમાં આ વર્ષને માટે કંઇ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેથી પ્રથમના અભ્યાસ ક્રમ મુજબ ઉમેદવારોએ તૈયાર થવું.

પરીક્ષાનો ટાઇમ પણ આગળ મૂજબ દીસેંબર મહીનાના છેલ્લા રવીવારનો છે.

છોટાલાલ વી. સોફ બી. એ.
મોહનલાલ બી. ઝવેરી બી. એ.
ઓન. સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક ઉન્નતિ.

શારીરિક અને માનસિક ઉન્નતિ, ઉત્સાહના પ્રબળ પ્રભાવે થાય છે, એ જણાવ્યા પછી આધ્યાત્મિક ઉન્નતિ ઉપર થોડુંક કહેવાની જરૂર છે. શારીરિક અને માનસિક ઉન્નતિમાં જેટલી અગત્ય ઉત્સાહ ધરાવે છે તેથી વિશેષ અગત્ય આધ્યાત્મિક ઉન્નતિનીમાં છે. એનું કારણ બહુ થોડા મનુષ્યો જાણે છે આધ્યાત્મિક ઉન્નતિ એ આત્માની ઉન્નતિ સાથે સંબંધ ધરાવે છે, અને શરિર અને મન કરતાં પણ આત્મા પ્રથમ અગત્યનો હોવાથી તે ઉન્નતિમાં ઉત્સાહની પ્રથમ પંક્તિની અગત્ય ધરાવે છે. તેમ હોવાથી તેની પાછલ લેવો જોઇતો શ્રમ પણ સર્વથી વધુ હોવો જોઇએ અને તેથી તે પાછળ વખતનો ભોગ પણ મોટો આપવો પડે એ સ્વભાવિક છે. આધ્યાત્મિક ઉન્નતિ સૌથી શ્રેષ્ટ હોવાથી તેને પાસ કરતાં ઘણીજ મહેનત પડે છે, અને કેટલાક પ્રસંગો એવા આવી પડે છે કે જે વખતે નિરાશા પણ ઉત્પન્ન થાય છે. એ નિરાશા નહિ થાય તે માટે ઉત્સાહની જરૂર મોટી છે. અમુક સ્થિતિ પાસ થાય નહિ ત્યાંસુધી નીરૂઉત્સાહને સ્થાન આપવું ન જોઇએ, અને જે વખતે તેવી સ્થિતિ ઉત્પન્ન થવાનો સંભવ જણાય તે વખતે બહુ સાવધાન રહેવું જોઇએ. શારિરીક કે માનસિક ઉન્નતિ તો આંખોથી પણ દેખી શકાય છે, પણ આધ્યાત્મિક ઉન્નતિ ઘણીજ સુક્ષ્મ હોવાથી ચર્મ ચક્ષુથી નજરે પડે એમ નથી. શરિર પુષ્ટ થતું હોય કે થયું હોય તો તે તરતજ આંખોને તથા બીજાઓને માલુમ પડે છે. તેથી દરપળે ઉત્સાહ વધે છે જ. પણ આ આધ્યાત્મિક પુષ્ટિ આંખેથી દેખાતી ન હોવાથી કેટલીક વખત નબળાં મનુષ્યો નિરઉત્સાહી થાય છે. તેવો એવી શંકા કરે છે કે આધ્યાત્મિક ઉન્નતિ થઇ હોય તો તે પ્રત્યક્ષ રીતે માલુમ કેમ પડતું નથી ? એવાજ વિચારો થતાં હોય તે વખતે જો કોઇ નિરઉત્સાહના વચનો બોલે તો તેની અસર તેના ઉપર તરતજ થતાં તે નિરઉત્સાહી થાય છે. પોતે પોતાનું કામ છોડી દે છે, અને પોતાની ઉન્નતિને બદલે અવનતિ કરવામાં કારણભૂત થાય છે એ કારણથી જ તમે જે કામ હાથમાં લ્યો તેમાં પૂર્ણ ઉત્સાહ રાખો અને જો તે કાર્યમાં ઉત્સાહ ઉત્પન્ન થતો ન હોય તો તે કામ થોડો વખત પડતું મૂકી જ્યારે ઉત્સાહ ઉત્પન્ન થાય ત્યારે તે કામ પુનઃ હાથમાં લ્યો. દરેક કાર્યની ફત્તેહનું પ્રથમ પગથીઉં ઉત્સાહ છે, અને નિરૂઉત્સાહ નાશનું પ્રથમ પગથીઉં છે. ઘણીક વખત આપણે બીજાઓને બોલતાં સાંભળીએ છીએ કે અમુક કાર્ય કરતી વખતે મારૂં મન ના કહેતું હતું અને તે છતાં મેં તે કામ કર્યું તેનું પરિણામ ખરાબ આવ્યું. વળી કોઇ બીજો માણસ એમ કહે છે કે અમુક કાર્ય હાથમાં લેતાં, મારા પગ અને હાથની શક્તિ ગુમ થઇ ગઇ હતી. કોઇ એમ કહે છે કે અમુક કાર્ય કરતાં જ મને અપશુકન થયા ને તેથી મને ખાત્રી હતી કે તે પાર પડશે જ નહિ. એ સર્વેનો અર્થ એ છે કે ઉત્સાહથી થતાં કર્મોમાં પ્રિતિનો અંશ રહેલો હોય છે, અને તે અંશ કાર્ય ફત્તેહમંદ થવામાં જે જે સંજોગોની જરૂર હોય છે તે તે સંજોગો ને આકર્ષે છે, અને તેથી તે કાર્ય ઘણું ખરૂં ઉત્સાહ કાયમ રહે છે તો પાર પડે છે, ઇસુખ્રીસ્ત, નબીસાહેબ, મહમદ, જૈનોના તીર્થંકરો હિંદુઓનો ચોવીશ અવતારો વગેરેના ઇતિહાસો, અને નેપોલ્યન બોનાપાર્ટ, રાણા પ્રતાપસિંહ, શીવાજી, રણજીતસિંહ વગેરેની તવારિખો, તેમજ હિંદી રાષ્ટ્રીય કોન્ગ્રેસની કામકાજની છેલ્લા ૩૦—૩૨ વર્ષોની તપશીલ આ વાત કેટલી બધી સત્ય છે તે સાબીત કરે છે.

પારસમણિ—હૃદયતેજ.

For Private And Personal Use Only